
# પ્રાચીન સ્તવનાવલી

## ૨૨

## શ્રી નેમીનાથ ભગવાન





## નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

# ૨૨

## શ્રી નેમિનાથ ભગવાન

: પ્રાપ્તિ સ્થાન :

શ્રી હસમુખભાઈ ચુડગર
૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯

પ્રત : ૧૦૦૦ મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ

# પ્રાસ્તાવિક

પરમાત્મ ભક્તિનાં અજોડ આલંબને જીવ બાહ્યદશાથી મુકત થઈ અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાને સહજતાથી પામી શકે છે. પૂર્વ મહાપુરૂષોએ ભક્તિના ક્ષેત્રે જે કૃતિઓનું યોગદાન કર્યું છે. તે પૈકી પ્રત્યેક જીનેશ્વર દેવોનાં પ્રાચીન લગભગ બધાજ પ્રાપ્ય સ્તવનોનો સ્વતંત્ર રીતે જુદી જુદી આ લઘુ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

આ સ્તવનોનાં રચયિતાઓએ પરમાત્મ ભક્તિની જે મસ્તિ માણી છે તેનો યત્કિંચિત રસાસ્વાદ પ્રાપ્ત કરવા આ પુસ્તિકાનો ઉપયોગ કરીશું તો અર્થગાંભીર્ય યુક્ત આ પ્રભુભક્તિ-આત્મિક શક્તિ પ્રગટાવી મુક્તિને નજીક લાવવામાં સહાયક થશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના
ગુરૂકૃપાકાંક્ષી જગચ્ચન્દ્રસૂરિ

# પ્રભુભક્તિ

પ્રભુને રોજ ભજવા છતાં આનંદની મસ્તિ અનુભવાતી નથી તેનું કારણ પરમાત્માને ઓળખવામાં હજી આપણે ઉણા ઉતર્યા છીએ ગતાનુગતિકતાથી નહિ વાસ્તવિકતાથી પરમાત્માનું દર્શન કરીશું તો પરમાત્મભક્તિથી શક્તિ આપણને આનંદઘન બનાવી દેશે.

આ જીવે સંસારના પ્રત્યેક પદાર્થો પાછળ આંસુ પાડયા હશે તે આંસુઓ સાગરના પાણીથી પણ વધી જાય પરંતુ તે આંસુની કોઈ કિંમત નથી. પ્રભુભક્તિ-પ્રભુરાગ પાછળ બે આંસુ પણ પડી જશે તો પ્રથમના બધા આંસુના સરવાળાને ટપી જશે તે ભક્તિથી આત્માની મુક્તિ નજીક આવી જશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| નેમિનાથ બાવીશમા | શ્રી વીરવિજયજી | ૧ |
| અપરાજિતથી આવિયા, | શ્રી જ્ઞાનવિમલજી | ૧ |
| નેમિનાથ બાવીશમા, | શ્રી પદ્મવિજયજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| નિરખ્યો નેમિ જિણંદને | શ્રી પદ્મવિજયજી | ૩ |
| અષ્ટ-ભવંતર વાલહી રે | શ્રી આનંદઘનજી | ૪ |
| તોરણથી રથ ફેરી ગયા રે | શ્રી યશોવિજયજી | ૬ |
| કહા કિયો ! તુમ્હે કહો મેરે | શ્રી યશોવિજયજી | ૭ |
| સમુદ્રવિજય શિવાદેવી | શ્રી યશોવિજયજી | ૮ |
| નયન સલુણા હો વાલહા | શ્રી ભાણવિજયજી | ૧૦ |
| યૌવન પાહુના | શ્રી આણંદવર્ધનજી | ૧૧ |
| શ્રી નેમિ ! તુમને શું કહીયે | શ્રી લક્ષ્મીવિમલજી | ૧૨ |
| નેમિ-જિણંદ નિરંજણો | શ્રી માનવિજયજી | ૧૩ |
| નેમિ નિરંજન ! નાથ | શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી | ૧૪ |
| નેમીસર-જિન બાવીસમોજી | શ્રી ભાવવિજયજી | ૧૫ |
| મહેર કરો મનમોહન | શ્રી વિનયવિજયજી | ૧૬ |
| રહો રે ! રહો ! રથ ફેરવો | શ્રી વિનયવિજયજી | ૧૭ |
| શામળીયા નેમજી, પાતળીયા | શ્રી વિનયવિજયજી | ૧૮ |
| ચરણ રહ્યો ચિત્ત લલચાય | શ્રી હરખચંદજી | ૧૯ |
| નેમજી ! થેં કાંઈ હઠ | શ્રી હરખચંદજી | ૧૯ |
| ભવિઅણ ! વંદો ભાવશું | શ્રી નયવિજયજી | ૨૦ |
| જાણું છું જિન ! ગુણ | શ્રી ઋષભસાગરજી | ૨૧ |
| બોલ બોલ રે પ્રીતમ | શ્રી ઉદયરત્નજી | ૨૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| નિરૂપમ નેમજી રે | શ્રી જિનવિજયજી | ૨૩ |
| તોરણ આવી કંત | શ્રી જિનવિજયજી | ૨૪ |
| તોરણથી રથ ફેરીને હો | શ્રી હંસરત્નજી | ૨૬ |
| કાં રથ વાળો ! હો રાજ | શ્રી મોહનવિજયજી | ૨૭ |
| રાજુલ કહે રથવાળો હો, | શ્રી મોહનવિજયજી | ૨૮ |
| સહિયાં મોરી ! સાહિબો | શ્રી રામવિજયજી | ૩૦ |
| રાજુલ કહે પીઉ | શ્રી રામવિજયજી | ૩૧ |
| કાળી ને પીળી વાદળી | શ્રી કાંતિવિજયજી | ૩૨ |
| આઠ ભવની તુમે પ્રીત | શ્રી ન્યાયસાગરજી | ૩૩ |
| નેમિ નિરંજન સાહિબા રે, | શ્રી ન્યાયસાગરજી | ૩૩ |
| નેમિજિનેસર નમિયે નેહશ્યું | શ્રી પદ્મવિજયજી | ૩૪ |
| શામળીયા લાલ ! તોરણથી | શ્રી પદ્મવિજયજી | ૩૫ |
| શ્રી નેમિજિનવર અભયંકર | શ્રી વિજયલક્ષ્મીસૂરિજી | ૩૬ |
| નેમિ જિનેસર વાલ્હો રે, | શ્રી કીર્તિવિમલજી | ૩૭ |
| નેમિ જિણેસર સાહિબા | શ્રી દાનવિમલજી | ૩૮ |
| પિઉ ! સુણ રે શામળીયા | શ્રી વિનીતવિજયજી | ૩૮ |
| કોન મનાવો રે રૂઠડાં | શ્રી અમૃતવિજયજી | ૩૯ |
| નેમિજિન સાંભળો વિનતિ | શ્રી પ્રમોદસાગરજી | ૪૦ |
| બાવીસમા નેમી જિણંદા | શ્રી ભાણચંદ્રજી | ૪૦ |
| શિવાદેવી સુત-સુંદરે વાહલો, | શ્રી ખુશાલમુનિજી | ૪૧ |
| વિનતડી અવધારો હોજી | શ્રી ચતુરવિજયજી | ૪૨ |
| નેમિજિણેસર ! નિજ | શ્રી દેવચંદ્રજી | ૪૩ |
| સુખકર સાહિબ શામળો, | શ્રી જીવણવિજયજી | ૪૪ |
| એહ અથિર સંસાર | શ્રી દાનવિજયજી | ૪૫ |
| રાજી કરીએ આજ કે-યાદવ | શ્રી મેઘવિજયજી | ૪૬ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| સાંભળ સ્વામી ! ચિત્ત-સુખકારી | શ્રી કેશરવિમલજી | ૪૭ |
| રાજુલ પૂછે વાત, | શ્રી કનકવિજયજી | ૪૮ |
| યાદવ જાન લેઈ કરી રે | શ્રી રૂચિરવિમલજી | ૪૯ |
| શામલીયા તુમશું લાગો | શ્રી રૂચિરવિમલજી | ૫૧ |
| માત શિવાદેવી જાયા-રાજ | શ્રી રૂચિરવિમલજી | ૫૧ |
| મ્હારા નેમિ પિયારા લો નેમજી | શ્રી રૂચિરવિમલજી | ૫૨ |
| રાજુલ કહે સુણિ હે ! સખી | શ્રી ભાવપ્રભસૂરિ | ૫૪ |
| હાં રે ! મારે ! નેમિ | શ્રી રતનવિજયજી | ૫૫ |
| સૌરીપુરી નગર સોહામણું | શ્રી માણેકમુનિજી | ૫૬ |
| નેમિ નવલદલ અંતરજામી | શ્રી દીપવિજયજી | ૫૭ |
| નેમિ અપરાજિતથી ચવિઉજી | શ્રી ધર્મકીર્તિગણી | ૫૮ |
| નેમિ-જિણંદનું જ્ઞાન રે | શ્રી સ્વરૂપચંદજી | ૫૯ |
| શૌરીપુર સોહામણું રે | શ્રી જશવિજયજી | ૬૦ |
| રહો ! રહો રે ! યાદવરાય | શ્રી જ્ઞાનવિમલસૂરીજી | ૬૧ |
| નેમિ ! મોહે આરત તેરી | શ્રી ગુણવિલાસજી | ૬૨ |
| સમુદ્રવિજય સુત નેમ નિરાગી | શ્રી જગજીવનજી | ૬૨ |
| નેમિ - જિન જાદવ | શ્રી જિનહર્ષજી | ૬૩ |
| તુજ દરીશન દીઠું અમૃત | શ્રી યશોવિજયજી | ૬૪ |
| કામ સુભટ ગયો હારી | શ્રી નયવિજયજી | ૬૫ |
| રહો રહો રે યાદવ ! દો ઘડીયાં | શ્રી વીરવિજયજી | ૬૬ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| દુરિતભયનિવારં, | શ્રી વીરવિજયજી | ૬૭ |
| રાજુલ વર નારી, | શ્રી પદ્મવિજયજી | ૬૮ |

## ચૈત્યવંદન વિધિ

### (નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

### ● ઈચ્છામિ ખમાસમણ સૂત્ર ●

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

### ● ઈરિયાવહિયં સૂત્ર ●

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

### ● તસ્સ ઉત્તરી સૂત્ર ●

તસ્સ ઉત્તારીકરણેણં, પાયચ્છિત્તાકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં**
**કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈઠ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહુગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં.....૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જયાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી નેમિનાથ ભગવાનના ચૈત્યવંદન

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

નેમિનાથ બાવીશમા, અપરાજિતથી આય;
સૌરીપુરમાં અવતર્યા, કન્યારાશિ સુહાય..॥૧॥
યોનિ વાઘ વિવેકીને, રાક્ષસગણ અદ્‌ભુત;
રિખ[1] ચિત્રા ચોપન દિન, મૌનવંતા મન પુત[2]..॥૨॥
વેતસ હેઠે કેવલીએ, પંચસયાં છત્રીશ;
વાચંયમશું [3]શિવ વર્યા, વીર નમે નિશદિશ..॥૩॥

૧. નક્ષત્ર ૨. પવિત્ર ૩. મુનિસાથે

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

અપરાજિતથી આવિયા, કાર્તિક વદી બારસ;
શ્રાવણ શુદિ પાંચમે જણ્યા, યાદવ અવતંસ[1].॥૧॥
શ્રાવણ શુદિ છઠ સંજમી, આસોજ અમાવાશ નાણ;
શુદિ અષાઢની આઠમે, શિવ સુખ લહે રસાલ..॥૨॥
અરિઠનેમી અણપરણીયાએ, રાજિમતીના કંત;
જ્ઞાનવિમલ ગુણ એહના, લોકોત્તર વૃત્તાંત..॥૩॥

૧. મુકુટ સમાન

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

નેમિનાથ બાવીશમા, શિવાદેવી માય;
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય.....૧

દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર;
શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર......૨

શૌરીપુરી નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ ઠાણ.......૩

# શ્રી નેમિનાથ ભગવાનના સ્તવન

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(રાગ-નિરખ્યો નેમિ જિણંદને)

નિરખ્યો નેમિ જિણંદને.......અરિહંતાજી, રાજિમતી કર્યો ત્યાગ, ભગવંતાજી
બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો.......અરિ. અનુક્રમે થયા વીતરાગ..ભગ.
ચામર ચક્ર સિંહાસન....અરિ. પાદપીઠ સંયુક્ત...ભગ.
છત્ર ચાલે આકાશમાં.....અરિ. દેવદુદુંભિ વર ઉત્ત..ભગ.
સહસ જોયણ ધ્વજ સોહતો..અરિ. પ્રભુ આગલ ચાલંત.. ભગ.
કનક કમલ નવ ઉપરે....અરિ. વિચરે પાય ઠવંત...ભગ.
ચાર મુખે દીયે દેશના.....અરિ. ત્રણ ગઢ ઝાકઝમાલ..ભગ.
કેશ રોમ શ્મશ્રુ નખા.......અરિ. વાધે નહિ કોઈ કાલ..ભગ.
કાંટા પણ ઉંધા હોયે.......અરિ. પંચ વિષય અનુકૂલ..ભગ.
ષટઋતુ સમકાલે ફળે.......અરિ. વાયુ નહીં પ્રતિકૂલ..ભગ.
પાણી સુગંધ સુર કુસુમની..અરિ. વૃષ્ટિ હોય સુરસાલ..ભગ.
પંખી દીયે સુપ્રદક્ષિણા.....અરિ. વૃક્ષ નમે અસરાલ..ભગ.
જિન ઉત્તમ પદ **પદ્મ**ની...અરિ. સેવ કરે સુરકોડી..ભગ.
ચાર નિકાયના જઘન્યથી...અરિ. ચૈત્યવૃક્ષ તેમ જોડી..ભગ.

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

(રાગ-મારૂણી ધણરા ઢોલા-એ દેશી)

અષ્ટ[1] ભવંતર વાલહી રે[2] તું મુજ આતમરામ-મનરા વહાલા ।
મુગતિ-નારીશું આપણે રે, સગપણ કોઈ ન કામ-મનરા૦॥૧॥

ઘરિ આવો હો વાલિમ ! ઘરિ આવો, મારી આશાના વિસરામ-મનરા૦
રથ ફેરો હો સાજન ! રથ ફેરો, સાજન માહરા મનોરથ સાથ-મનરા૦..॥૨॥

નારી[3]-તે પખો શ્યો નેહલો રે ? સાચ કહે જગનાથ-મનરા૦
ઈશ્વર અરધંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ-મનરા૦.॥૩॥

પશુ-જનને કરૂણા કરી રે, આણી હૃદય વિચાર-મનરા૦
માણસની કરૂણા નહીં રે, એ કુણ ઘર આચાર ?-મનરા૦ ॥૪॥

પ્રેમ-કલ્પતરૂ છેદીયો રે, ધરિયો [4]યોગ-ધતૂર-મનરા૦
ચતુરાઈરો[5] કુણ કહો રે, ગુરુ મિલિઓ જગ-શૂર-મનરા૦ ॥૫॥

માહરું તો એમાં કાંઈ નહીં રે, આપ વિચારો રાજ-મનરા૦
રાજ-સભામાં બેસતાં રે, [6]કીસડી [7]વધસી લાજ ?-મનરા૦ ॥૬॥

પ્રેમ કરે જગ-જન સહુ રે, [8]નિરવાહે તે ઓર-મનરા૦
પ્રીત કરીને છોડી દે રે, તેહશું ચાલે ન જોર-મનરા૦ ॥૭॥

જો મનમાં એહવું હતું રે, નિસપતિ[9] કરત ન જાણ-મનરા૦
નિસપતિ કરીને છાંડતાં રે, માણસ હુયે નુકસાણ-મનરા૦ ॥૮॥

દેતાં દાન-સંવત્સરી, સહુ લહે વંછિત પોષ-મનરા૦
સેવક વંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ-મનરા૦॥૯॥

સખી કહે એ "શામળો રે", હું કહું - [૧૦]"લક્ષણ શ્વેત" મનરા૦
"ઈણ લક્ષણે સાચી સખી રે", આપ-વિચારે હેત-મનરા૦॥૧૦॥

રાગીશું રાગ સહુ કરે રે, વૈરાગી શ્યો રાગ-મનરા૦
રાગ વિના કિમ દાખવો રે, મુગતિ-સુંદરી-માગ[૧૧]-મનરા૦॥૧૧॥

એક ગુહ્ય ઘટતું નથી રે, સઘલો ય જાણે લોગ-મનરા૦
અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગતશોગ-મનરા૦॥૧૨॥

જિણ[૧૨] જોણે તુજને જોઊં રે, તિણ જોણે જૂઓ રાજ-મનરા૦
એક વાર મુજને જુઓ રે, તો સીઝે મુજ કાજ-મનરા૦॥૧૩॥

મોહદશા ધરી ભાવતાં રે, ચિત્ત લહે તત્ત્વ-વિચાર-મનરા૦
વીતરાગતા આદરી રે, પ્રાણનાથ ! નિરાધાર-મનરા૦॥૧૪॥

સેવક પિણ તે આદરે રે, તો રહે સેવક [૧૩]મા'મ-મનરા૦
આશય સાથે ચાલીયે રે, એહિજ રૂડું કામ-મનરા૦॥૧૫॥

ત્રિવિધ-યોગ ધરી આદર્યો રે, નેમનાથ ભરતાર-મનરા૦
ધારણ-પોષણ તારણો રે, નવસર મુગતાહાર-મનરા૦॥૧૬॥

કારણરૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ-અકાજ-મનરા૦
કૃપા કરી પ્રભુ દીજીયે રે, **આનંદઘન**-પદરાજ-મનરા૦॥૧૭॥

---

૧. આઠ ભવના સંબંધવાળો ૨. પ્રેમ ૩. સખી તરફી પ્રેમ રાખનારો ૪. યોગ રૂપ ધતુરો ૫. ચતુરાઈનો ૬. કેટલી ! કેવી ! ૭. વધશે ! ૮. નભાવે ૯. સંબંધ ૧૦. લક્ષણ સંપન્ન ૧૧. મુક્તિ સખી તરફ સંબંધ ૧૨. જે દૃષ્ટિથી ૧૩. મહિમા, શોભા

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

તોરણથી રથ ફેરી ગયા રે હાં, પશુઆં[1]શિર દેઈ દોષ-મેરે વાલિમા
નવ ભવ નેહ નિવારિયો રે હાં શ્યો જોઈ આવ્યા જોષ ?-મેરે૦-મેરે૦(૧)

ચંદ્ર[2]કલંકી જેહથી રે હાં, રામ ને સીતા-વિયોગ,-મેરે૦
તેહ કુ-રંગને વયણલે રે હાં, પતિઆવે[3]કુણ લોક ?-મેરે૦-મેરે૦(૨)

ઉતારી હું ચિત્તથી રે હાં, મુગતિ ધુતારી હેત,-મેરે૦
સિદ્ધ અનંતે ભોગવી રે હાં, તેહશ્યું કવણ સંકેત ?-મેરે૦-મેરે૦(૩)

પ્રીત કરંતા સોહલી રે હાં, નિરવહતાં જંજાલ,-મેરે૦
જેહવો વ્યાળ[4]ખેલાવવો રે હાં, જેહવી અગનની ઝાળ-મેરે૦-મેરે૦(૪)

જો વિવાહ અવસર દિઓ રે હાં, હાથ ઉપર નવિ હાથ,-મેરે૦
દીક્ષા અવસર દીજીયે રે હાં, શિર ઉપર જગનાથ ! -મેરે૦(૫)

ઈમ વિલવતી રાજુલ ગઈ રે હાં, નેમ કને[5]વ્રત લીધ, મેરે૦
વાચક જશ કહે પ્રણમીયેં રે હાં, એ દંપતિ દોઈ સિદ્ધ-મેરે૦(૬)

---

૧. પશુઓના માથે ૨. વિશ્વાસ કોણ કરે ? ૩. ઉપાધિ ૪. સર્પને રમાડવો ૫. પાસે

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (રાજા જો મિલે-એ દેશી)

કહા કિયો ! તુમ્હે કહો મેરે સાંઈ[1] !, ફેરિ[2] ચલે રથ તોરણ આઈ
દિલજાનિ[3] અરે ! મેરા નાહ, ન ત્યજિઈ[4] નેહ કછુ અ-જાનિ[5]-દિલ૦ (૧)
અટપટાઈ[6] ચલે ધરી કછુ રોષ, પશુઅનકે શિર દે કરી દોષ-દિલ૦ (૨)
રંગ[7] બિચ ભયો યાથી ભંગ, સો તો સાચો જાનો કુ-રંગ-દિલ૦ (૩)
પ્રીતિ તનકમિ[8] તોરત[9] આજ, કિઉં નાવે મનમેં તુમ્હ લાજ ?-દિલ૦ (૪)
તુમ્હ બહુનાયક જાનો ન પીર[11], વિરહ લાગિ જિઉ[12] વૈરી કો તીર -દિલ૦ (૫)
હાર ઠાર[13]શિંગાર અંગાર[14], અશન-વસન નસુહાઈ[15] લગાર-દિલ૦ (૬)
તુજ વિન લાગે સૂની સેજ, નહી તનુ તેજ ન હારદ[17]હેજ-દિલ૦ (૭)
આઓને મંદિર વિલસો ભોગ, બૂઢાપનમેં લીજે યોગ-દિલ૦ (૮)
છોરૂંગી મૈં નહિ તેરો સંગ, ગહિલી[18] ચલું જિઉં છાયા અંગ-દિલ૦ (૯)
ઈમ વિલવતી ગઈ ગઢ-ગિરનાર, દેખે પ્રીતમ રાજુલ નાર-દિલ૦(૧૦)
કંતે દીનું કેવલજ્ઞાન, કીધી પ્યારી આપસમાન -દિલ૦(૧૧)
મુગતિ-મહલમેં ખેલે દોઈ, પ્રણમે જશ[19]ઉલસિત-તન હોઈ-દિલ૦(૧૨)

---

૧. સ્વામી ૨. પાછો વાળી ૩. દિલને જાણનાર=જિગરી, પ્રેમી ૪. ન તજીએ (સ્નેહ) ૫. અજાણતાં=ઉતાવળમાં ૬. ગૂંચવાઈને ૭. ઉલ્લાસમાં ૮. તનિક=ક્ષણવારમાં ૯. તોડી રહ્યા છો ૧૦. ઘણાના નાયક=સ્વામી ૧૧. પીડા ૧૨. જેમ ૧૩. ઠાર=શિયાળામાં વરસતા હિમ જેવો ૧૪. અંગારા જેવા ૧૫. ગમતા નથી ૧૬. ખાલી ૧૭. હયાનો ૧૮. ઘેલી=ગાંડા જેવી ૧૯. રોમાંચના ઉલ્લાસવાળા શરીરવાળા

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (ઢાલ-ફાગની)

સમુદ્રવિજય શિવાદેવી, નંદન નેમિકુમાર,
શૌરીયપુર દશ ધનુષનું, લંછન શંખ સફાર,[૧]
એક દિન રમતો આવિયો, અતુલબળી[૨] અરિહંત
જિહાં હરી[૩] આયુધશાળા, પૂરે શંખ મહંત (૧)

હરી ભય-ભરિ[૪] તિહાં આવે, પેખે નેમિજિણંદ,
સરિખે શ્રમ-બળ પરખે, તિહાં જીતે જિનચંદ,
આજ રાજ એ હરશ્યેં કરશ્યેં અપયશ ભૂરિ,
હરી-મન જાણી વાણી, તવ થઇ ગગને અદૂરિ[૫] (૨)

અણ પરણ્યેં વ્રત લેશ્યેં, દેશ્યેં જગ સુખ એહ,
હરી મન બીહે ઈહે, પ્રભુશ્યું ધર્મ-સનેહ
હરી શણગારી નારી, તવ જળ[૬]-મજ્જન જંતિ,
માન્યું માન્યું પરણવું, ઈમ સવિ નારી કહંતી (૩)

ગુણમણિ-પેટી બેટી, ઉગ્રસેન નૃપ પાસ,
તવ હરી જાચેં માચેં, માથે પ્રેમ વિલાસ,
તુર[૭] દિવાજે[૮] ગાજે; છાજે ચામર કંતિ,
હવે પ્રભુ આવ્યા પરણવા, નવ-નવા ઉત્સવ હંતિ[૯] (૪)

ગોખે ચઢી મુખ દેખે, રાજીમતી ભર પ્રેમ,
રાગ અમી-રસ વરષેં, હરખેં પેખી નેમ
મન જાણે એ ટાણે, જો મુજ પરણે એહ,
સંભારે તો રંભા, સ-બળ અચંભા તેહ (૫)

પશુઅ-પુકાર સુણી કરી, ઈણ અવસરે જિનરાય,
તસ દુઃખ ટાળી વાળી, રથ વ્રત લેવા જાય
તબ બાળા દુઃખ[૧૦]-ઝાળા, પરવશ કરે રે વિલાપ;
કહિયેં જો હવે હું છંડી, તો દેશ્યો વ્રત આપ (૬)

સહસ-પુરૂષશ્યું સંયમ, લિયેં શામળ તનુ કંતિ,
જ્ઞાન લહી વ્રત આપે, રાજીમતી શુભ શંતિ,[૧૧]
વરષ સહસ આઉખૂં, પાળી ગઢ ગિરનાર
પરણ્યા પૂર્વ મહોત્સવ, ભવ છાંડી શિવનાર (૭)

સહસ અઢાર મુનીસર, પ્રભુજીના ગુણવંત,
ચાલીશ સહસ સુ-સાહુણી પામી ભવનો અંત,
ત્રિભુવન-અંબા અ'બા, દેવી સુર ગોમેધ,
પ્રભુ-સેવામાં નિરતા, કરતા પાપ-નિષેધ (૮)

અમલ[૧૨]-કમળ-દળ-લોચન, શોચન-રહિત નિરીહ,
સિંહ મદન-ગજ[૧૩]ભેદવા, એ જિન અ-કલ[૧૪]અ-બીહ,[૧૫]
શૃંગારી ગુણધારી, બ્રહ્મચારી[૧૬]-શિર-લીહ
કવિ **જશવિજય** નિપુણ ગુણ, ગાવે તુજ નિશદીહ (૯)

૧. શ્રેષ્ઠ ૨. અત્યંત બળવાળા ૩. વાસુદેવ = શ્રી કૃષ્ણ ૪. ભયથી ભરેલા ૫. નજીક ૬. જળક્રીડા ૭. વાજાં ૮. શોભતા ૯. થઈ રહ્યા છે ૧૦. દુઃખની જ્વાળા ૧૧. શાંતિદાયક ૧૨. નિર્મળ કમળની પાંખડી જેવી આંખોવાળા ૧૩. કામરૂપ હાથી ૧૪. ન કળી શકાય તેવા ૧૫. ન ડરે તેવા ૧૬. બ્રહ્મચારીઓમાં શ્રેષ્ઠ

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

(જટણી-એ દેશી)

નયન સલુણા હો વાલહા, સ-સનેહા પ્રભુ નેમ,
તોરણ આવીને તુમ્હે, પાછા વળી ગયા કેમ ?-નયન૦(૧)

આસો-બાદલની પરે, એવડો ડંબર[૧] કીધ,
જાન લેઈને આવ્યા વહી, પિણ થયા અપ્રસિદ્ધ-નયન૦(૨)

નેહ નિવાહી નવી શકયા, ક્ષણમાં દીધો છેહ;
એ શી જાદવ-રીત છે ? જે પૂરણ પાળો ન નેહ-નયન૦(૩)

લાલચ દેઈને તુમ્હે, કરી નિજ નારી નિરાશ,
વચન સહુનાં અવગણી, ગિરનાર કીધો વાસ-નયન૦(૪)

સિદ્ધ અનેકે વિલસી જે, તેહથી કીધો પ્રેમ,
ભવ-ભવની[૨] નાર જે મુકો, રીતિ શી છે ? તુમ એમ-નયન૦(૫)

ઈણપરે વિલપતી બહુપરે, પહુંતી ગઢ ગિરનાર;
કેવળ-દરિસણ અનુભવે, પહોતી મુગત-આગાર[૩]-નયન૦(૬)

ધન-ધન નેમ-રાજુલ જેણે, પાળી પૂરણ પ્રીત;
**ભાણ** ભણે બુધ પ્રેમનો, સાચી એ ઉત્તમ રીત-નયન૦(૭)

૧. આડંબર-દેખાવ ૨. જન્મ. જન્મની પ્રેમવાળી ૩. ઘર

## કર્તા : શ્રી આણંદવર્ધનજી મ.

(રાગ-ધન્યાશ્રી-ડોલિમ ગુજરી-એ દેશી)

યૌવન પાહુના[૧], જાત ન લાગત વાર-યૌવન૦
ચંચલ યૌવન થિર નહી રે, જાન્યો નેમિ-જિન-યૌવન૦...(૧)

નીંદ ન કીજે જાગીયે રે, અંત સહી મરના-યૌવન૦
બાલ[૨]-સંઘાતી આપણા, દેખો ! કિહાં ગયો બાલપના-યૌવન૦....(૨)

નવલ વેષ નવ યૌવનપણો રે, નવલ-નવલ રચના-યૌવન૦
અલપ[૩]-ભરમકે કારણે, લેખો[૪]-કીજત[૫]-ફેલ[૬]-ઘના[૭]-યૌવન૦....(૩)

દુનિયાં રંગ[૮]-પતંગ-સીરે, વાદલસે[૯]-સજના-યૌવન૦
એ સંસાર અસાર હૈરે, જાગતકો સુપના-યૌવન૦...(૪)

તોરન હિંતે ફિરિ ચલેરે, સમુદ્રવિજય નંદના-યૌવન૦
**આણંદકે** પ્રહે **નેમજી** મેરી ઘરી-ઘરી વંદના-યૌવન૦...(૫)

---

૧. મહેમાન ૨. બાળપણના મિત્ર ૩. થોડા જીવના કારણે ૪. જુઓ ૫. કરે છે, તોફાન ૭. ઘણું
૮. હળદરના રંગ જેવી ૯. વાદળ જેવી

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

### (આંબો મોહરીઓ-એ દેશી)

શ્રી નેમિ ! તુમને શું કહીયે, એ કહેવાનો નહિ વ્યવહાર;
ગુહ્ય[1] મોટાનું ભાંખતાં, ઉપજે મનમાં વિચાર-શ્રી૦(૧)

નામ નિરાગી સહુ કો કહે, બ્રહ્મચારી-શિરદાર;
રાગ રાખો છો એવડો, રાજુલ ઉપર તુમે નિરધાર-શ્રી૦(૨)

ચોમાસે ચાલી ગયા, ઉગ્રસેન દરબાર;
આઠ ભવાંતર-નેહલા તુમે પાળ્યો પ્રેમ-પ્રકાર-શ્રી૦(૩)

"આતમ-સુખ-વાંછા અછે, તું આવજે માહરે પાસ;
પહેલાં તુજ પછે મુજને," સંકેત[2] કર્યો ગુણવાસ-શ્રી૦(૪)

ઈમ કહી વ્રત આદર્યું, રાજુલને આપી ખાસ;
સંયમ-સાહી પેહરણે, નાણ-દંસણ-ચરણવિલાસ-શ્રી૦(૫)

સિદ્ધિ-શિરોમણી ઉપરે, ભુંજે ચિદાનંદ-ભોગ;
આપ-સમી વશા[3] કરી, સાદિ-અનંત સંયોગ-શ્રી૦(૬)

અનંત ભાવ માહરે, તુમ સાથે સંબંધ;
વિસ્મૃતિ[4] તુજને કિમ ઘટે ! સંભારો નહિ તસ ગંધ-શ્રી૦(૭)

યું ગુરૂને ચરણે ધરે, હું બોલું તિમ જસવાદ;
**કીર્તિ** તુમારી છે ઘણી, **લક્ષ્મી** સેવે તુમ પાદ-શ્રી૦(૮)

૧. ખાનગી વાત ૨. ઈશારો પાકી ગોઠવણ ૩. સ્ત્રી ૪. ભૂલી જવું

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

(અબ પ્રભુ શું ઈતની કહું-એ દેશી)

**નેમિ**-જિણંદ નિરંજણો, જઇ મોહ[1] થળે જળકેળ રે,
મોહના ઉદભટગોપી, એકલમલ્લે નાંખ્યા ઠેલ રે,
**સ્વામી ! સલૂણા**-સાહિબા ! અતુલી-બળતું વડવીર રે-સાહિબા૦(૧)

કોઈક તાકી[2] મૂકતી, અતિ-તીખાં કટાક્ષનાં બાણ રે,
વેધક[3]-વયણ બંદુક ગોળી, જે લાગે જાયે પ્રાણ રે-સાહિબા૦(૨)

અંગુલી[4]-કટારી ઘોચતી, ઉછાળતી વેણી[5]-કૃપાણ રે
સિંથો[6] ભાલા ઉગામતી, સિંગજળ[7] ભરે કોક બાણ રે-સાહિબા૦(૩)

ફૂલદડા ગોળી નાખે, જે સત્ત્વ[8]-ગઢે કરે ચોટ રે,
કુચ-યુગ કરિ-કુંભસ્થળે, પ્રહરતી હૃદય-કપાટ રે-સાહિબા૦(૪)

શીલ-સન્નાહ ઉન્નત સબે, અરિ[9]-શસ્ત્ર ને ગોળા ન લાગ્યા રે,
સોર[10] કરી મિથ્યા સવે, મોહ-સુભટ દહો[12] દિશેં ભાગ્યા રે-સાહિબા૦(૫)

તવ નવ ભવ-યોદ્ધો મંડયો, સજી વિવાહમંડપ કોટ રે
પ્રભુ પણ તસ સન્મુખે ગયો, નીસાણે દેતો ચોટ રે-સાહિબા૦(૬)

ચાકરી મોહની છોડવી[13], રાજુલને શિવપુર દીધ રે,
આપે રૈવતગિરિ સજી,ભીતર સંયમ-ગઢ લીધ રે-સાહિબા૦(૭)

શ્રમણધરમ યોદ્ધા લડે, સંવેગ-ખડગ ધૃતિ[14] ઢાલ રે,
ભાલા કેસ ઉપાડતો, શુભ-ભાવના ગડગડે નાળ રે-સાહિબા૦(૮)

ધ્યાનધારા[૧૫]-શર[૧૬]વરષતો, હણી મોહ થયો જગનાથ રે
**માનવિજય** વાચક વદે, મેં **ગ્રહ્યો** તાહરો સાથ રે-સાહિબા૦(૯)

---

૧. આખી પ્રથમ ગાથાનો અર્થ - નેમિનાથ પ્રભુ વીતરાગ છે, જેમણે મોહના સ્થળે-જળક્રીડા સમયે જઇ મોહના પ્રબળ અસર વાળી શ્રી કૃષ્ણ વાસુદેવની પટરાણીનાં વચનો રૂપ મોહ રૂપી પ્રબળ મલ્લને એકલા પ્રભુએ ઠેલી નાંખ્યો ૨. ધારીને ૩. વીંધી નાખનારા=માર્મિક ૪. આંગળી રૂપ કટારી ૫. ચોટલો=કેશપાશ રૂપ કરપાણ=નાની તલવાર ૬. સિંદૂરના સેંથા રૂપ ભાલને ૭. સીંગડીમાં પાણી ૮. સત્ત્વરૂપ ગઢ પર ૯. દુશ્મનના શસ્ત્રો અને ગોળા ૧૦. કોલાહલ ૧૧. ફોગટ ૧૨. દશ દિશામાં ૧૩. છોડાવી ૧૪. ધીરજ રૂપ ૧૫. ધ્યાનની ઉચ્ચ શ્રેણિ ૧૬. બાણ

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

## (આઘા આમ પધારો પૂજ્ય-એ દેશી)

**નેમિ** નિરંજન ! નાથ ! હમારો, અંજન[૧]-વર્ણ શરીર
પણ અ-જ્ઞાન[૨]-તિમિરને ટાળે, જીત્યો મનમથ[૩]-વીર
પ્રણમો ! પ્રેમ ધરીને પાય,-પામો પરમાનંદા
યદુ-કુળ-ચંદા રાય ! માત **શિવાદે**-નંદા—પ્રણમો૦...(૧)

**રાજીમતી** શું પૂરવ-ભવની, પ્રીત ભલી પરે પાળી
પાણિગ્રહણ[૪]-સંકેતે આવી, તોરણથી રથ વાલી-પ્રણમો૦...(૨)

અ-બળા સાથે નેહ ન જોડયો, તે પણ ધન્ય કહાણી
એક-રસે બિહુ પ્રીત થઈ તો, કીર્તિ કોડ ગવાણી-પ્રણમો૦...(૩)

ચંદન પરિમલ[૫] જિમ, જિમ ખીરે, ઘૃત એક રૂપ નવિ અલગા[૬]
ઈમ જે પ્રીત નિવાસહિં અહ-નિશ, તે ધન ગુણ સુ-વિલગાં-પ્રણમો૦...(૪)

ઈમ એકંગી[7] જે નર કરશે, તે ભવ-સાયર તરશે
**જ્ઞાનવિમલ** લીલા તે ધરશે, શિવ-સુંદરી તસ વરશે -પ્રણમો૦...(૫)

૧. અંજન જેવું શ્યામ વર્ણવાળું ૨. શ્યામ છતાં અજ્ઞાનના ગાઢ અંધકાર(શ્યામ)ને ૩. કામદેવ રૂપ યોદ્ધાને ૪. પરણવાના બહાને ૫. સુગંધ ૬. જુદાં ૭. એકધારી

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

### (રાગ ગોડી-નેમીસર વિનતિ માનીયે-એ દેશી)

**નેમીસર-જિન** બાવીસમોજી, વીસમો[1] મુજ મનમાંહિ,
શ્રીહરિવંશ[2]-મેરૂ ગિરિમંડન, નંદનવન યદુવંશ,
તિહાં જે જિનવર સુરતરૂ-ઉદયો, સુરનર રચિત પ્રશંસ-ને૦(૧)

**સમુદ્રવિજયનૃપ** શિવાદેવીસુત, **શૌરીપુર** અવતાર,
અંગ[3] તુંગ[4]દશ ધનુષ મનોહર, અંજન-વરણ-ઉદાર-ને૦(૨)

એક સહસ સંવત્સર જીવિત, લંછન શંખ સુહાય,
સુર **ગોમેધ અંબિકાદેવી**, સેવતી જસ નિત પાય-ને૦(૩)

કેશવનો[5]બળ-મદ જેણે ગાળ્યો, જિમ હિમ ગાળે ભાણ;
જેણે પ્રતિબોધી ભવિઅણ કોડિ, મોડી[6]મનમથ[7]-બાણ-ને૦(૪)

**રાજીમતી** મન-કમલ-દિવાકર, કરૂણા-રસ ભંડાર;
તે જિનજી મનવંછિત દેજો, **ભાવ** કહે અણગાર-ને૦(૫)

૧. વિશ્રામ કરો=વસો=ટકો ૨. શ્રી હરિવંશ રૂપ મેરૂપર્વતની શોભારૂપ નંદનવન જેવા યદુવંશમાં જે પ્રભુ કલ્પવૃક્ષ જેવા થયા અને દેવો તથા મનુષ્યો એ જેમની પ્રશંસા કરી છે. તેવા (પ્રથમ ગાથાનો અર્થ) ૩. શરીર ૪. ઊંચું ૫. શ્રી કૃષ્ણ વાસુદેવનો ૬. તોડી ૭. કામદેવ

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

(રાગ રામગિરી-રાય કહે રાણી પ્રતે-સુણો કામિની-એ દેશી)

મહેર[1] કરો મનમોહન-દુઃખ-વારણજી, આવો આણી[2] ગેહ-ચિત્ત-ઠારણજી
રોષ ન કીજે રાજીયા-દુઃખ૦ આણો હઈડે નેહ-ચિત્ત૦(૧)

કાળ જશે કહાણી[3]ચહેરો-દુઃખ, જગ વિસ્તરશે વાત-ચિત્ત૦
કોઈ મુજને નરતી[4] કહશેં-દુઃખ૦ કોઈ વળી તુમ્હને કુભાત[5]-ચિત્ત૦(૨)

પહિલી[6] વાત વિમાસીયે[7]-દુઃખ૦ તો ન હોય ઉપહાસ[8]-ચિત્ત૦
જો હોયેં ઘર[9] આપવા-દુઃખ૦, તોહિજ દીજેં આશ-ચિત્ત૦(૩)

વિણ તરૂઅર વન-વેલીને દુઃખ૦, કુણ રાખે ? નિજ છાંહિ-ચિત્ત૦
કંત વિના તેમ નારીને-દુઃખ૦, કુણ અવલંબે ? બાંહી[10]-ચિત્ત૦(૪)

નેહ નથી મુજ કારમો[11]-દુઃખ૦, નિશ્ચે જાણો નાથ-ચિત્ત૦
દેહ તણી જિમ છાંહડી-દુઃખ૦, નહીં છાંડું તિમ સાથ-ચિત્ત૦(૫)

દુઃખીયાના દુઃખ ટાળવા-દુઃખ, શું શું ન કરે સંત ?-ચિત્ત૦
તો મુજ આપ ઉત્તમ થઈ-દુઃખ૦, કાં ઉવેખો ! કંત-ચિત્ત૦(૬)

ઈમ કહેતી રાજીમતી-દુઃખ૦, પોહતી ગઢ ગિરનાર-ચિત્ત૦
**વિનય** કહે જઈ મુગતિમાં-દુઃખ૦, ભેટ્યો નિજ ભરતાર-ચિત્ત૦(૭)

---

૧. દયા ૨. અહીં "આણી" ક્રિયાપદનું કર્મ અધ્યાહારથી દયા એમ જાણવું ૩. કહેવાનું ૪. ઠેકાણાવગરની ૫. ખરાબ રીતવાળા ૬. પહેલેથી ૭. વિચારીએ ૮. મશ્કરી ૯. અનુકૂળતા ૧૦. હાથ ૧૧. વિષમ=ઠેકાણા વિનાનો

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

(રાગ-રામગિરિ છાંનો રે છપીને કંતા ! કિહાં રહ્યો રે-એ દેશી)

રહો રે ! રહો ! રથ ફેરવો રે, આવો ! આવો ! આણે[1]આવાસ રે
જો[2] રે હતું ઈમ જાયવું રે, કાંઈ તો કરાવી ? એવડી આશરે-રહો૦(૧)

પીરસીને ભોજન-થાળ ન તાણીયેં રે, સીંચીને[3] ન ખાણીએ[4] મૂળ રે
ખંધે ચઢાવી ભૂંઈ ન નાંખીયેં રે, ધોઈને ન ભરીએ ધૂળ રે-રહો૦(૨)

ચિકટ[5]વિણ તળવું કિશ્યું રે ? આદિ વિના કિશો છેહ રે
પરણ્યા વિણ વૈધવ કિશ્યું રે ? રોસ કિશ્યો ! વિણ નેહ રે-રહો૦(૩)

પાણી વિણ પરવાલડી[6]રે, કહો કેણી પરે વિધાય રે ?
ભીંજયા વિણ કહો લુગડાં રે, તાપેં કેમ દેવાય રે ? રહો૦(૪)

આછિ વિના લાછા નહી રે, જુઓ ની વિચારી આપ રે
પ્રેમસુધા વિણ ચાખવે રે, શ્યો કરો એવડો સંતાપ રે ? રહો૦(૫)

દીઠે ભૂખ ન ભાજિયેં રે લૂખાં ન હોયે લાડ રે
આવી ગયે ન પળે પ્રીતડી રે, સીંચ્યા વિણ જિમ ઝાડ રે-રહો૦(૬)

એહવે **રાજુલ**-બોલડે રે, જસ ન ચાલ્યું મન રેખ
**વિનય** ભણે પ્રભુ **નેમજી** રે, નારીને દો નિજ વેષ રે-રહો૦(૭)

---

૧. આ બાજુ ૨. જો આવી રીતે જવું હતું (ઉત્તરાર્ધની પ્રથમ લીટીનો અર્થ)
૩. પાણી પાઈ મોટું કર્યા પછી ૪. ખોદીએ નહીં ૫. તૈલ ૬. પ્રવાલ=મોતી

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

શામળીયા **નેમજી**, પાતળીયા નેમજી, સોભાગી નેમજી રંગીલા **નેમજી**

**નેમ** ! હિયેરે વિમાસો[૧], કાંઈ પડે રે વરાંસો[૨]
ઝબકે[૩]શ્યું નાસો, મુજ પડે રે તરાસો[૪]-શામ૦ પાત૦ સોભાગી૦ રંગીલા૦(૧)

**નેમ** ! હું તોરી દાસી, જુઓ વાત વિમાસી
ઈમ જાતાં હો નાસી, જગ થાશે હો હાંસી-શામ૦(૨)

એકવાર પધારો, વિનંતી અવધારો
મુજ મામ[૫] વધારો, પછે વેહલા સિધારો-શામ૦(૩)

શિવનારી ધૂતારી સાધારણ નારી
મુજ કીધી શું વારિ, **નેમિ** લીધો ઉદારી-શામ૦(૪)

કહેતી ઈમ વાણી, **રાજુલ** ઊજાણી
ભેટયો **નેમ**નાણી, પહોતાં નિરવાણી[૬]-શામ૦(૫)

**કીર્ત્તિવિજય** ઉવજઝાયા, લહી તાસ પસાયા
**નેમજી** ગુણ ગાયા, **વિનયે** સુખ પાયા-શામ૦(૬)

૧. વિચારો ૨. મુશ્કેલી ૩. ઝભકારાની જેમ જલ્દી ૪. ત્રાસ ૫. મહિમા ૬. મોક્ષે

## કર્તા : શ્રી હરખચંદજી મ.

(રાગ-કેદારો)

ચરણ રહ્યો ચિત્ત લલચાય, નેમિનાથ જિનજી કે, ઔર[1] કિતહુ[2] ન જાય-ચરણ૦
સમુદ્ર વિજય-નરિંદ નંદન, શંખ લંછન શિવાદેવી માય
દશ ધનુષ તનુ, સહસ વત્સર[3] આય[4]-ચરણ૦(૧)

શ્યામ સુંદર સુભગ મૂરત, દેખ મદન દુરાય
દીનબંધુ દયાલ જગગુરૂ, જગપતિ યદુરાય-ચરણ૦(૨)

સુપન[5] સોવત[6] ગોસ[7] જાગત[8] ઔર કછુ ન સુહાય
હરખચંદ પ્રભુ માધુરી[9] મૂરત[10], હૃદયે બસી આય-ચરણ૦(૩)

૧. બીજે ૨. ક્યાંય ૩. વર્ષ ૪. આયુ ૫. સ્વપ્નામાં ૬. સૂતાં ૭. સવારે ૮. જાગતાં ૯. સુંદર ૧૦. ચહેરો

## કર્તા : શ્રી હરખચંદજી મ.

(રાગ-સોરઠ)

નેમજી ! થેં કાંઈ હઠ માંડયો રાજ, નેમ૦
રાજુલ ઊભી વીનવેજી, મેરી અરજ સુણો મહારાજ-નેમ૦(૧)

સમુદ્રવિજેજીકે લાડલેજી[1] તુમ, યાદવકુલ શણગાર
નાયક તીનુ લોકકેજી, તું સબ ગુણનિધિ ગરીબનિવાજ -નેમ૦(૨)

તુમ ભલી બરાત[2] બણાયકે, આયે વ્યાહન[3] કાજ
તોરણસેં[4] રથ ફેરકેજી તુમ, ફિરત ન આઈ થાંને[5]લાજ -નેમ૦(૩)

આવો ઉલટ[6] ઘર આપણેજી, હઠ છોડો નણદરા વીર
તુમ બિન યે સંસારમેંજી, કવણ મિટાવે પીર ?[7]-નેમ૦(૪)

તુમ પશુઅન પર કરૂણા કરીજી, મો, પર[8] કીનો રોસ
દીનદયાલ કહાયકેજી, તુમને નિપટ[9] લગેગો દોષ-નેમ૦(૫)

પ્રીત પુરાણી જાણીકે, તુમ રાજુલ રાખો પાસ
**હરખચંદ** પ્રભુ ! **રાજુલ** વિનવે, ઘો માંને મુગતિનો વાસ-નેમ૦(૬)

---

૧. લાડીલા-પ્યારા ૨. પરણવા માટે જાન ૩. પરણવા ૪. માંડવેથી ૫. તમને ૬. પાછા ફરી ૭. પીડા ૮. મારા ઉપર ૯. નક્કર

## કર્તા : શ્રી નયવિજયજી મ.

### (ધન બિંદલી મને લાગો-એ દેશી)

ભવિઅણ ! વંદો ભાવશું, સાહિબ નેમિજિણંદ મોરાલાલ,
ભાવશું નિત વંદતાં, લહિયે પરમાણંદ-મોરા-ભવિ૦
બ્રહ્મચારી-ચૂડામણિ સાચો એ વડવીર-મોરા૦
મદન[1]મતંગજ કેસરી, મેરૂમહીધર-ધીર-મોરા૦ ભવિ૦
રૂપ અનંતું જિનતણું, સોહે સહજ[2]-સનૂર-મોરા૦
હરખે નયણે નિરખતાં, પસરે પ્રેમપંડૂર[3]-મોરા૦ ભવિ૦
ગુણ અનંતા પ્રભુતણા, કહેતાં ન આવે પાર-મોરા૦
નિરૂપમ ગુણગણ-મણિ તણો, માનું એ ભંડાર-મોરા૦-ભવિ૦
વદન[4]અનોપમ જિનતણું, એ મુજ નયણ-ચકોર-મોરા૦
નિરખી હરખે ચિત્તમાં, ઉમટ્યો આનંદ જોર-મોરા૦-ભવિ૦

અતુલિત-બળ અરિહંતજી, ભય-ભંજન ભગવંત-મોરા૦
કામિત[૬]-પૂરણ સુરતરૂ, કેવળ-કમળા કંત-મોરા૦ ભવિ૦
**રાજીમતિ**-મનવાલહો, યાદવ-કુલ શણગાર-મોરા૦
**નયવિજય** પ્રભુ વંદતાં, નિતુનિતુ જયજયકાર-મોરા૦-ભવિ૦

---

૧. કામરૂપ હાથીનો નાશ કરવા સિંહસમા ૨. સ્વભાવથી ૩. નિર્મળ પ્રેમ ૪. મુખ ૫. ઉભરાયો
૬. ઈચ્છાને પૂરવા કલ્પવૃક્ષસમા

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

જાણું છું જિન ! ગુણ ભર્યા હો ! સાંવલીયા સ્વામી,
તોસું[૧] કયું પતિ આવું હો રાજિ,
સઘલી પરિ છાજૈ તોનૈ[૨] હો-સાંવલીયા સ્વામી,
દખિદખિ[૩] કાંઈ દિખાવું-હો રાજિ,
યદુંપતિ જુજુઈ જુજુઈ જુગતિ તું જાણૈ-હો રાજિ,
**નેમજી** ! નવનવલી નવનવલી નિજરિમૈં આણૈં-હો રાજિ,
પ્રભુજી ! મારા ઈમ કિમ મનડા માણૈં હો રાજિ૦...(૧)

જગજન મન તું રંજવે-હો સાંવલીયા, અન્યનિરંજન કહાવૈ-હો રાજિ,
સોવન ધરિ નિગ્રંથ તું-હો સાંવલીયા,
યા મનમૈ અતિ આવૈ હો રાજિ યદુ૦ નેમ૦ પ્રભુ૦ ઈમ૦..(૨)

બાલ બ્રહ્મચારી તો નૈ-હો સાંવલીયા, કહિયેં કિમ સરદહિજૈં-હો રાજિ,
ત્રિભુવન પ્રભુતા ભોગીયો-હો સાંવલીયા
તોહી જોગીસર કહીજૈ હો રાજિ યદુ૦ નેમિ૦ પ્રભુ૦ ઈમ૦...(૩)

પ્રભુજી ! નવનવલી નવનવલી ભગતિ હું ભાખું-હો રાજિ,
પ્રભુજી ! નિજ સુખ સુખ લવ ઈક ચાખું-હો રાજિ,

ભગવંત તાહરી બહુ[૪] ભંગી-હો સાંવલીયા૦
અંગઈ રાગ ઉમંગૈ હો રાજિ, કથન ન માનૈ મૂલથી-હો સાંવલીયા૦
આપ મતી એકરંગી-હો રાજિ યદુ૦ નેમ૦ પ્રભુ૦ ઈમ૦(૪)
તું દાતાર-શિરોમણિ-હો સાંવલીયા, નવિ દીધી જાય કોડિ હો રાજિ
પાસૈ પિણ રાખૈ નહી-હો સાંવલીયા,
ગતિ મતિ તાહરી ઉંડી-હો રાજિ યદુ૦ નેમ૦ પ્રભુ૦ ઈમ૦(૫)
તોનૈ ક્રોધ નહી સુપનંતરઈ-હો સાંવલીયા
તો ક્યું કરી અરિ-દલ દલી-દલિયા હો રાજિ
અભિમાની સિર સેહરો-હો સાંવલીયા
તું તારઈ ભવોદધિ કલિયા-હો રાજિ યદુ૦ નેમ૦ પ્રભુ૦ ઈમ૦(૬)
દસા હું દેખું દેખું હો રાજિ, તાહરી પરિ છાજે તો નૈ-હો સાંવલીયા૦
ન લહૈ અવર છ માસૈ-હો રાજિ; **ઋષભ** મનોરથ પૂરવો-હો સાંવલીયા૦
મોહ્યો તાહરી તમાસૈ હો રાજિ; યદુ૦ નેમ૦ પ્રભુ૦ ઈમ૦(૭)

૧. તમારી સાથે ૨. તમને ૩. વારંવાર ૪. ઘણી રીતે

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

બોલ બોલ રે પ્રીતમ ! મુજશું, બોલ ! મ્હેલ આંટો રે
પગલે પગલે પીડે મુજને, પ્રેમનો કાંટો રે-બોલ૦(૧)
રાજીમતી કહે છોડ છબીલા ! મનનો ગાંઠો રે
જિહાં ગાંઠો તિહાં રસ નહિં જિન, શેલડી સાંઠો રે-બોલ૦(૨)
નવ-ભવનો મુને આપને **નેમજી** ! નેહનો આંટો રે
ધોયો કિમ ધોવાય ? જાદવજી ! પ્રીતનો છાંટો રે-બોલ૦(૩)
**નેમ-રાજુલ** બે મુગતિ પોહતાં, વિરહ નાઠો રે
**ઉદયરત્ન** કહે આપ ને સ્વામી, ભવનો કાંઠો રે-બોલ૦(૪)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

**(જો હરિ નહી મિલે રે, જોરે મારા પાપી પ્રાણ-એ દેશી)**

નિરૂપમ નેમજી રે વાલમ ! મુકી કાં જાવો
તોરણ આવીને રે, ઈમ કાંઈ વિરહ જગાવો...(૧)

કરૂણા પશુ તણી રે, કરતાં અબળા ઉવેખો
દુર્જન વયણથી રે, એ નહિ સાજન લેખો...(૨)

શશિ લંછન કીઓ રે, સીતા-રામ વિયોગો
વિબુધજને કહ્યો રે, ન્યાયે નામ કુરંગો...(૩)

ગુનો કો કીઓરે, જો રડતી એકલડી છંડી
ગણિકા સિદ્ધવધૂ રે તેહશ્યું પ્રીતડી મંડી...(૪)

અડ ભવ નેહલો રે, નવમેં છેહ મ દાખો
દાસી રાઉલી રે, સાહિબ ગોદમાં રાખો...(૫)

પુણ્યે[૧] પરવડા રે, મુજથી યાચક લોગા,
દાન સંવત્સરે રે, પામ્યા વંછિત ભોગા...(૬)

વિવાહ અવસરે રે, જિમણો હાથ ન પામી
દીક્ષા અવસરે રે, દીજે અંતરજામી...(૭)

માત **શિવા** તણો રે, નંદન ગુણમણિ ખાણી
સંયમ આપીને રે, તારી **રાજુલનારી**...(૮)

મુગતિ મહેલે મળ્યાં રે, દંપતી અવિચળ ભાવે
**ક્ષમાવિજય** તણો રે, સેવક જિન ગુણ ગાવે...(૯)

૧. મારાથી યાચક-લોકો પુણ્યથી પ્રબળ કહી શકાય કે જેઓએ સંવત્સરી દાનમાં મન ધારણા પ્રમાણે પદાર્થો આપની પાસેથી મેળવ્યા (છઠ્ઠી ગાથાનો અર્થ)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

**(અંતરથી અમ્હને આજ ગરવે ગિરધારી-એ દેશી)**

તોરણ આવી કંત[૧], પાછા વળીયારે,
મુજ ફુરકે દાહિણ[૨] અંગ, તિણે અટકળીયા રે૦..(૧)

કુણ જોશી જોયા જોશ ? ચુગલ[૩] કુણ મિળીયા રે,
કુણ અવગુણ દીઠા ? આજ, જિણથી ટળીયા રે૦..(૨)

જાઓ જાઓ રે સહિરો દૂર, શ્યાને છોડો રે,
પાતળીઓ શામળવાન, વાલિમ તેડો રે૦..(૩)

યાદવ-કુળ-તિલક સમાન, એમ ન કીજે રે,
એક હાંસું[૪] બીજી હાણી, કેમ ખમીજે રે૦..(૪)

ઈહાં વાયે ઝંઝ[૫] સમીર[૬], વીજળી ઝબકે રે,
બાપૈઓ પીઉ પુકારે, હિયડું ચમકે રે૦..(૫)

ડરપાવે દાદુર[૭] શોર[૮], નદીઓ માતી રે[૯],
ઘન ગર્જારવને જોર, ફાટે છાતી રે૦..(૬)

હરિતાંશુક[૧૦] પહિરયા ભૂમિ, નવ રસ રંગે રે,
બાવલીયા નવરસ હાર, પ્રીતમ સંગે રે૦..(૭)

મેં પૂરવ કીધા પાપ, તપિ દાધી રે,
પડે આંસુ ધાર વિષાદ[૧૧], વેલડી વાધી રે૦..(૮)

મુને ચઢાવી મેરૂ- શીશ, પાડી હેઠી રે,
કિમ સહવાયે ? મહારાય, વિરહ અંગીઠી[૧૨] રે૦..(૯)

મુને પરણી પ્રાણ-આધાર, સંયમ લેજયો રે,
હું પતિવ્રતા છું સ્વામી, સાથી વસેજયો રે૦(૧૦)

એમ આઠ ભવોરી પ્રીત, પિઉડા પળશે રે,
મુજ મનહ મનોરથ નાથ,પૂરણ ફળશે રે૦(૧૧)

હવે ચ્યાર મહાવ્રત સાર, ચૂંદડી દીધી રે,
રંગીલી **રાજુલ-નારી**, પ્રેમે લીધી રે૦(૧૨)

મૈત્યાદિક ભાવના ચાર, ચોરી બાંધી રે,
દહી ધ્યાનાનળ સળગાયા, કર્મ ઉપાધિ રે૦(૧૩)

થયો રત્નત્રાયી કંસાર, એકાભાવે રે,
આરોગે[૧૩] વર ને નારી, શુદ્ધ સ્વભાવે રે૦(૧૪)

તજી ચંચળ તાંત્રિકયોગ, દંપતિ મળિયા રે,
**શ્રી ક્ષમાવિજય જિન નેમ**, અનુભવ કળિયા રે૦(૧૫)

---

૧. સ્વામી ૨. જમણું ૩. ચાડીખોર ૪. પ્રબળ ૫. તોફાની ૬. પવન ૭. દેડકો ૮. કોલાહલ
૯. ગાંડી ૧૦. લીલાં કપડાં ૧૧. ખેદ ૧૨. ભડભડતી સગડી ૧૩. ખાય છે

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

### (થેં કાનિ નાવો માહરા મોહલમા હો રાજિ-એ દેશી)

તોરણથી રથ ફેરીને હો રાજ, છટકી કિમ કિમ દીજે છે[1]હરે,
હું વારી માહરા મોહના,
આઠ ભવાંતર પ્રીતડી હો રાજ ! તેહનો નાવ્યો તુમ મન નેહ રે-હું૦(૧)

તેહને તે કિમ તરછોડિયો[2] હો ! રાજ, પહેલે પાલવ[3] વલગા જેહરે-હું૦
બાંહિ ગ્રહ્યાની લાજ છે હો ! રાજ ! વાહલા ! શ્યે ન વિમાસો તેહ રે-હું૦(૨)

પ્રીત ભલી પંખેરૂઆં હો ! રાજ ! જાઉં હું બલીહારી તાસ રે-હું૦
રાત-દિવસ રહે એકઠાં હો ! રાજ ! એક પલક ન છોડે પાસ રે-હું૦(૩)

વિસાર્યો તે ન વિસરે હો રાજ ! સહિજે એક ઘડીનો સંગ રે-હું૦
તો કિમ ટાળ્યો નવિ ટળે હો રાજ ! જેહ શું સજડ જડયો મન રંગ રે-હું૦(૪)

જનમાંતર વિહડે[4] નહિ હો રાજ ! જે કીધી સુગુણ સાથે પ્રીત રે-હું૦
ટેક ગ્રહી તે નિરવહેં હો રાજ ! જગમાં એ જ ઉત્તમ-રીત રે-હું૦(૫)

**શિવાદેવી**-સુત **નેમને** હો રાજ ! કહે **રાજીમતી** કર જોડ રે-હું૦
વાલહા ! વેગે રથ વાળીને હો રાજ ! આવી પૂરો ! મુજ મન કોડ રે-હું૦(૬)

**નેમ-રાજુલ** મુગતે મળ્યા હો રાજ ! પ્રભુએ પાળ્યો પૂરવ પ્રેમ રે-હું૦
ચરણ-શરણ દીજે સાહેબા ! હો રાજ ! હેજે **હંસરત્ન** કહે ઈમરે-હું૦(૭)

---

૧. વિયોગ ૨. તરછોડીએ ૩. જાય

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

(દક્ષણ દોહીલો હો રાજ-એ દેશી)

કાં રથ વાળો ! હો રાજ, સાહમું નિહાળો ! હો ! રાજ,
પ્રીત સાંભળો રે, વાલ્હા ! યદુકુળ સેહરા[1],
જીવન મીઠા હો ! રાજ ? મત હોજો ધીઠા હો ! રાજ ?
દીઠા અલજે[2] રે, વાહલા ! નિવહો નેહરા[3]૦(૧)

નવ ભવ ભજ્જા[4] હો! રાજ ? તિહાં શી લજ્જા હો ! રાજ ?
તજત લજ્જારે, કંસે[5] રણકા[6] વાજીયા[7]
શિવાદેવી-જાયા હો ! રાજ, માની લ્યો ! માયા હો ! રાજ ?
કિમહીક પાયા રે, વાહલા ! મધુકર રાજીયા૦(૨)
સુણી હરિણીનો હો ! રાજ ? વચન કામિનીના હો ! રાજ ?
સહી તો બીહનારે, વાહલા ! આઘા આવતાં
કુરંગ કહાણા હો ? રાજ, ચૂકે ટાણો હો ! રાજ,
જાણો વાહલા રે, દેખી વર્ગ વરંગનો૦...(૩)

વિણ ગુન્હે અટકી હો ! રાજ ? છોડો માં ! છટકી હો ! રાજ,
કટકી[8] ન કીજે રે, વાહલા ! કીડી ઉપરે,
રોષ નિવારો ! હો ! રાજ, મહેલ પધારો હો ! રાજ,
કાંઈ વિચારો રે, વાહલા ! ડાલું-જીમણું૦...(૪)

એસી હાંસી હો ? રાજ, હોએ વિકાસી હો ! રાજ,
જુઓ વિમાસીરે, અતિહી રોષ ન કીજીયે,
આ ચિત્રાશાળી હો ! રાજ, સેજ સુઆળી હો ! રાજ,

વાત હેતાળી[9] રે, વાહલા ! મહારસ પીજીયેં૦...(૫)

મુગતિ વનિતા હો ! રાજ, સામાન્ય[૯]વનિતા હો ! રાજ,
તજી પરિણીતારે, વાહલા ! કાં તુમે આદરો,
તુમને જે ભાવે હો ! રાજ, કુણ સમજાવે ? હો રાજ,
કિમ કરી આવે રે ? તાણ્યો[૧૦]કુંજર[૧૧]પાધરો૦...(૬)

વચને ન ભીનો હો ! રાજ, **નેમ**-નગીનો હો ! રાજ,
પરમ ખજાનો રે, વાહલા ! નાણ અનુપનો[૧૩],
વ્રત સવિ સ્વામી હો રાજ, **રાજુલ** પામી હો ! રાજ,
કહે હિતકામી રે, **મોહન** બુધ રૂપનો૦...(૭)

---

૧. તિલક ૨. ઉમંગથી ૩. પ્રેમને ૪. સ્ત્રી ૫. ત્રાંબાનો ૬. રણકો ૭. વાગ્યો ૮. આક્રમણ ૯. વેશ્યા ૧૦. ખેંચ્યેથી ૧૧. હાથી ૧૨. સીધો ૧૩. અદ્‌ભુત

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

**(અંબરીઓને ગાજે હો ભટિયાણીરાણી ચુએ એ દેશી)**

**રાજુલ** કહે રથવાળો હો, નણદીરા વીરા ! હઠ તજો,
કાંઈ પાળો પૂરવ-પ્રીત, મૂકો કિમ વિણ[૧]-ગુનહે હો ?
નણદીરા વીરા ! વિલપતાં, કાંઈ એ શી શીખ્યા રીત ?-રા૦(૧)

હું તો તુમ ચરણારી હો, નણદીરા વીરા ! મોજડી,
કાંઈ સાંભળો ! આતમરામ, તો મુજને[૨] ઉવેખો હો,
નણદીરા વીરા ! શ્યા[૩] વતી, નહી એ સુગુણાંરો કામ-રા૦(૨)

પશુઆંને કરી કરૂણા હો, નણદીરા વીરા ! મૂકીયા,
તો મેં શી ચોરી કીધી, પશુઆંથી શ્યું હીણી હો !
નણદીરા વીરા ! ત્રેવડી, [4]જે મુજને વિછોહો દીધ-રા૦(૩)

એહવું જો મન ખોટું હો, નણદીરા વીરા ! જો હતું,
તો પાડી કાં નેહને ફંદ, ઉળઝું તે નથી સુળઝેહો
નણદીરા વીરા ! મનડું, કાંઈ કોટિ મિલે જો ઈંદ્ર-રા૦(૪)

મેં તો કહો કિણ વાતેહો, નણદીરા વીરા ! દુહવ્યા[5] ?
શ્યાને રાખો છો રોષ ? માહરે તો તુમ સાથે હો;
નણદીરા વીરા ! [6]અલેહણું, તો કેહને દાખું રે ધોષ ? -રા૦(૫)

તાંત[7] ત્રુટયાની પરેહો, નણદીરા વીરા ! જોડીએ;
કાંઈ કતુઆરીના[8]જેમ, ઠેલીજે નહિ પાખે હો,
નણદીરા વીરા ! વળગતાં, કાંઈ નેહ ન ચાલે એમ-રા૦(૬)

ઈમ કહેતી વ્રત લેતીહો, નણદીરા વીરા ? **નેમજી**
કાંઇ શિવ પહેલે કીઆ વાસ, ધનધન તે જગમાંહે હો,
નણદીરા વીરા ! પ્રીતડી, કાંઈ **મોહન** કહે શ્યાબાશ-રા૦(૭)

---

૧. વગર અપરાધે ૨. અવગણો છો ! ૩. શા માટે ? ૪. ગણી ૫. દુભવ્યા ૬. લેણું નથી ૭. ત્રાક અગર તાર ૮. કાંતનારી

## કર્તા : શ્રી રામવિજયજી મ.

**(પરણ્યાથી માહરે પાડોસી સુજાણ જો,
જાતાં ને વળતાં મનડું રીઝવેજો-એ દેશી)**

સહિયાં[1] મોરી ! સાહિબો નેમ મનાવો જો, દિલડું તે દાઝે[2] પીઉ વિણ[3]-દીઠડેજો;
દિલ મેળીને[4] કીધો દુશમન દાવોજો,[5] અબળાને બાળી યાદવ મીઠડે જો (૧)

કરતા શું તો જાણી પ્રીતિ સોહલીજો, દોહિલી તે નિરવહતાં દીઠી નયણડેજો
શામળીયો સાંભરતાં હિયડે સાલેજો[6], દુખ તે કહેતાં નાવે વયણડેજો (૨)

રહેશે દુનિયામાંહિ વાત વિદિતીજો[7], વાહલેજી કીધી છે એહવી રીતડીજો
શું જાણ્યું ! વીસરશે કિણ અવતારજો, તોડી જે યદુનાથે કાચી પ્રીતડીજો (૩)

મત કોઈને છાનો વૈરી નેહજો, લાગીને દુઃખ દેતો કહિયે એહવોજો
નેહતણાં દુખ જાણે તેહજ છાતીજો, જેમાંહિ વિચરે અવર ન તેહવોજો (૪)

**નેમીસરને** ધ્યાને **રાજુલ**નારીજો, મેળોને મનગમતો લહે શિવમંદિરેજો
**વિમલવિજય** ઉવજઝાયતણા શુભશિષ્યેજો,
**રામવિજય** સુખસંપત્તિ પામી શુભ પરે જો૦(૫)

---

૧. ઓ ! સખીઓ ! ૨. વિરહઅગ્નિથી બળે ૩. વગર જોયે ૪. સંબંધ કરીને
૫. રીત ૬. દુઃખે ૭. પ્રખ્યાત

## કર્તા : શ્રી રામવિજયજી મ.

(તુમે તમારા છોરડાના ગુણ માનો કે ના-એ દેશી)

**રાજુલ** કહે પીઉ **નેમજી**, ગુણ માનો છો કે ના,
કિમ છોડી ચાલ્યા નિરધાર ? હે ગુણ જાણો છો કે ના
પુરષ અનંતે ભોગવી-ગુણ૦ પીઉ શ્યું મોહ્યા તિણ નાર ? -હે ગુણ૦..(૧)

કોડીગમે[૧] જેહને ચાહે-ગુણ૦ શ્યો તે નારીથી રંગ ?-હે૦
પણ જગ ઉખાંણો[૨] કહ્યો-ગુણ૦ હોવે સરીસા સરસો સંગ-હે ગુણ૦..(૨)

હું ગુણવંતી ગોરડી-ગુણ૦ તે નિગુણ[૩]ન[૪]-હેજી નાર-હે૦
હું સેવક છું રાવળી-ગુણ૦ તે સ્હામું ન જુવે લગાર-હે ગુણ૦..(૩)

જગમાં તે ગુણ આગળી-ગુણ૦ જેણે વશ કીધો ભરતાર-હે૦
મન વૈરાગે વાળીયો-ગુણ- લીએ રાજુલ સંયમભાર-હે ગુણ૦..(૪)

બેહનીને મળવા ભણી-ગુણ૦ પીઉ પેહલી તે જાય-હે૦
સંગ લહી તે નારીનો-ગુણ૦ રહી અનુભવશું લય લાય-હે ગુણ૦..(૫)

**સમુદ્રવિજય** કુળ ચંદલો-ગુણ૦ **શિવાદેવી** માત મલ્હાર હે૦
વરસ સહસ એક આઉખું-ગુણ૦ **શૌરીપુર** શણગાર-હે ગુણ૦(૬)

દેહ ધનુષ દશ દીપતી-ગુણ૦ પ્રભુ બ્રહ્મચારી ભગવંત-હે૦
**રાજુલ** વર મને વાલહો-ગુણ૦ **રામવિજય** જયવંત-હે ગુણ૦(૭)

૧. ક્રોડોજણા ૨. કહેવત ૩. ગુણ વિનાની ૪. હેજ=અંદરનો પ્રેમ, નહેજી=પ્રેમ વિનાની

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

(સાહિબા રે માહરા રાજિંદ કબ ઘરિ આવે રે-એ દેશી)

કાળી ને પીળી વાદળી રાજિંદ ! વરષે મહેલા શર લાગ
**રાજુલ** ભીજેં નેહલે રાજિંદ ! પિઉ ભીંજે વૈરાગ-બા૦
મારો **પ્રીતમ** ચિત્ત ચઢી આવે રે, મોડે શું બોલિ-બા૦(૧)
જલધર[૧] પીઉને સંગમે રાજિંદ ! વીજ[૨] ઝકોલા ખાય
ઈણ રીત મારો સાહિબો રાજિંદ ! મુજને છોડી જાય-બા૦(૨)
મોહલ ચુવે નદિયાં વહે, રા૦ મોર કરે કલકલાટ
ભર પાઉસમાં[૩] પદમિની[૪] રા૦ જોવે જોવે પિઉની વાટ-બા૦(૩)
અવગુણ[૫] વિણ નાંહે કર્યો રા૦, અબળા માથે રોષ
તોરણથી પાછા વળ્યા રા૦, પશુઆં ચઢાવી દોષ-બા૦(૪)
મૂળ[૬] થકી જો જાણતી રા૦, પિઉ લૂખો મન માંહિ
લાજ તજીને રાખતી રા૦, પ્રીતમનો કર સાંહી[૭]–બા૦(૫)
નહિ સલૂણો ભોળવ્યો રા૦, મુગતિ ધૂતારી નાર
ફીરી પાછો જોવેં નહિ રા૦, મૂકી મુજને વિસાર-બાપીડા રે૦(૬)
**રાજુલ** રાતી પ્રેમશું રા૦, પોહતી ગઢ ગિરનાર
સંયમ લેઈ મુગતે ગઈ રા૦, **કાંતિ** નમે વારંવાર-બાપીડા રે૦.(૭)

---

૧. મેઘ ૨. વીજળી ૩. વરસાદમાં ૪. ઉત્તમ સ્ત્રી ૫. દોષ=વાંક ૬. પહેલેથી

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

### (સોણી સહસા ગોપીમાં પટરાણી કાગળ લખ્યો કેઈને રે ! શીદ જાઓ છો દિલાસા દેઈનેરે-એ દેશી)

આઠ ભવની તુમે પ્રીત પાળીજી, નવમેં ભવ સાથે લેઈનેરે
કાં જાઓ છો દિલાસા દેઈને રે -કાં૦(૧)
અમને મૂકીને તુમે **રૈવત**[1] પધારીયાજી, સંયમ સુંદરી લઈને રે-કાં૦ (૨)
પરણ્યા[2] વિણ અમ્હે પ્રીતિ જ પાળુંજી, એ તો વરે છે કેઈને રે-કાં૦ (૩)
એ તો દૂતિકા સિદ્ધિ વધૂનીજી, તુમે આદર ઘો છો બેઈનેરે-કાં૦ (૪)
શોકલડી મુને દીઠી ન સુહાવેજી, તુમે આદર કરશ્યો કેઈને રે-કાં૦ (૫)
અનુભવ-મિત્રે મન મેળ કરાવ્યોજી, અનુભવ ઘરમાં લેઈને રે-કાં૦ (૬)
**નેમ-રાજુલ** શિવમંદિર પધાર્યાજી, **ન્યાયસાગર** સુખ દેઈને રે-કાં૦ (૭)

---

૧. ગિરનાર ૨. હું તો પરણ્યા વિના પણ તમારા પર ખૂબ પ્રીતિ ધરાવું છું. તમે જે સંયમ રૂપ સ્ત્રીની પાસે જાઓ છો તો તે તો કેટલાને વરેલી છે ! (ત્રીજી ગાથાનો અર્થ)

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

### (ધણરા ઢોલા-એ દેશી)

**નેમિ** નિરંજન સાહિબા રે, નિરૂપાધિક ગુણખાણી-મનના માન્યા
જન્મથકી જેણે તજ્યા રે, **રાજ રાજીમતી** રાણી-મનના માન્યા
આવો આવો હો પ્રીતમ ! વાતાં કીજે, પ્રીતમ લાહો લીજે હો, પ્રીતમ રસ પીજે,
હો પ્રીતમ ! આપણ કીજે જનમ પ્રમાણ-મનના૦(૧)

વિણ પરણ્યેં પણ તાહરી રે, નારી કહે સહુ લોક-મનના૦
સાચી હું છું પતિવ્રતા રે, ગાયે થોકેથોક-મનના૦(૨)
**સમુદ્રવિજય શિવાદેવીનો** રે, નંદન યદુકુળચંદ-મનના૦
શંખ લંછન અંજન વાને રે, બાવીશમો જિનચંદ-મનના૦(૩)
સંબંધને સંકેત વારે, આવી તોરણ બાર-મનના૦
ફિરી પાછા વ્રત આહિઉરે, ચઢિઆ ગઢ **ગિરનાર**-મનના૦(૪)
રાજુલ પણ પતિ અનુ લહેરે, સંયમ કેવળ સાર-મનના૦
દંપતી દોઉ એકણ મિલે રે, અક્ષય પણે એક તાર-મનના૦(૫)
અષ્ટ ભવંતર પ્રીતડી રે, પાળી પૂરણ પ્રેમ-મનના૦
**ન્યાયસાગર** સુખસંપદા રે, પ્રગટે સકળ સુખ ખેમ-મનના૦(૬)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

## (ભોલિડા રે હંસા વિષય ન રાચિયે-એ દેશી)

**નેમિજિનેસર** નમિયે નેહશ્યું, બ્રહ્મચારી ભગવાન,
પાંચ લાખ વરસનું આંતરૂ, શ્યામ વરણ તનુ વાન-ને૦...(૧)
કારતિક વદિ બારસ ચવિયા પ્રભુ, માત **શિવાદે** મલ્હાર
જન્મ્યા શ્રાવણ સુદી પાંચમ દિને, દશ ધનુષકાયા ઉદાર-ને૦...(૨)
શ્રાવણ સુદી છઠ દીક્ષા ગ્રહી, આસો અમાસે રે નાણ
અષાઢ સુદી આઠમે સિદ્ધિ વર્યા, વરસ સહસ આયુ પ્રમાણ-ને૦...(૩)
હરિ[1]-પટરાણી **શાંબ-પ્રદ્યુમ્ન** વલી-તિમ **વસુદેવની** નાર
**ગજસુકુમાલ** પ્રમુખ મુનિરાજિઆ, પહોંચાડયા ભવપાર-ને૦...(૪)
**રાજિમતી** પ્રમુખ પરિવારને, તાર્યો કરૂણા રે આણ
**પદ્મવિજય** કહે નિજ પર મત કરો, મુજ તારો તો પ્રમાણ-ને૦...(૫)

૧. શ્રીકૃષ્ણ વાસુદેવ

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(સુણ ગોવાલણી ગોરસડાવાળી રે ઉભી રહેને-એ દેશી)

શામળીયા લાલ ! તોરણથી રથ ફેરયો કારણ કહોને
ગુણ-ગિરૂઆ ! લાલ, મુજને મૂકી ચાલ્યા દરિશણ દ્યોને
હું છું નારી તે તમારી, તુમ્હસેં પ્રીતિ મુકી અમ્હારી;
તુમ્હે સંયમસ્ત્રી મનમાં ધારી-શામ૦(૧)

તુમ્હે પશુ ઉપર કૃપા આણી, તુમ્હે માહરી વાત ન કો જાણી
તુમ્હ વિણ પરણું નહી કો પ્રાણી-શામ૦(૨)

આઠ ભવોની પ્રીતલડી, મૂકીને ચાલ્યા રોતલડી,
નહીં સજ્જનની એ રીતલડી-શામ૦(૩)

નવિ કીધો હાથ ઉપર હાથે, તો કર મૂકાવું હું માથે,
પણ જાવું પ્રભુજી સાથે-શામ૦(૪)

ઈમ કહી પ્રભુ હાથે વ્રત લીધું, પોતાનું કારજ સવિ કીધું
પકડયો મારગ એણે શિવ સીધો-શામ૦(૫)

ચોપન દિન પ્રભુજી તપ કરીઓ, પણપન્ને કેવલ વર ધરીઓ
પણ સત છત્રીશશું શિવ વરીઓ-શામ૦(૬)

ઈમ ત્રણ કલ્યાણક ગિરનારે, પામ્યા તે જિન ઉત્તમ તારે૦
જો પાદ-**પદ્મ** તસ શિર ધારે-શામ૦(૭)

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

(થારા મોહલા ઉપર મેહ ઝબૂકે વીજલી સાહેબજી-એ દેશી)

શ્રી નેમિજિનવર અભયંકર પદસેવના-સાહિબજી,
પ્રભુ મહોદય કારણ વારણ ભવભયવાસના-સા૦
જિનવર સેવન તેહીજ નિજસેવન જાણીયેં-સા૦
પ્રભુ શશી અવલોકન નયનકાંતિ જિમ માનીયે-સા૦(૧)

પ્રભુ પરકૃત સેવનવાંછા દુગંછા તુજ નહી-સા૦
છે દોષવિલાસી વાંછા અભ્યાસી ભવમહિ-સા૦
પ્રભુપૂજ્ય સ્વભાવ વિભાવ અભાવે નિપનો-સા૦
તેહ પૂર્ણાનંદમય પૂરણ નયસુખ દીપનો-સા૦(૨)

પ્રભુવંદન ચંદન સુમનાદિકે દ્રવ્યપૂજના-સા૦
તુજ ગુણ એકતાને ભાવે બહુમાને સુજના-સા૦
સ્વરૂપથી દીસે સાવધ નિરવદ્ય અનુબંધીરે-સા૦
વિધિયોગે હિંસાખિંસા વિણું શિવ સંધિરે-સા૦(૩)

પ્રભુ સમયમાં[૧] પૂજન દ્રવ્ય ભાવભેદે લહ્યો-સા૦
જિન-આણા-જોગે આગાર અણગારે તે નિરવદ્યો-સા૦
સુખ દ્રવ્યથી સ્વર્ગ લહે અપવર્ગ તે ભાવથી-સા૦
ઈમ ફલ દો દાખ્યા ભાખ્યા સમયાનુભાવથી-સા૦...(૪)

અંગાદિક ત્રિવિધ અડવિધ અક્ષતાદિક ભેદ રે-સા૦
ઈમ સગ દસ ઈગવિશ કીજે પૂજા અખેદ રે-સા૦

જિનવર અનુરાગ રંગી સંગી કરી ચેતના-સા૦
શુભકરણી કીજે લીજે અનુભવ-નિકેતના-સા૦...(૫)

ઈમ પૂજય પૂજન પૂજક ત્રિકયોગ સંયોગ રે-સા૦
મિટે સેવકભાવ અનાદિનો પ્રગટે સંભોગ રે-સા૦
ઈમ વિનતિ પ્રકાશે અભ્યાસે **સૌભાગ્યસૂરિ** શિષરે-સા૦
પ્રભુ સવિ દુઃખ ચૂરો પૂરો સયલ જગીશ રે-સા૦...(૬)

---

૧. આગમમાં

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

**નેમિ** જિનેસર વાલ્હો રે, રાજુલ કહે ઈમ વાણ રે-**મન વસીયા**
એહજ મેં નિશ્ચય કીયો રે, સુખદાયકગુણખાણ રે -**શિવરસીયા**...(૧)

કૃપાવંત શિરોમણિ રે, મેં સુણ્યો ભગવંત રે-**મન**૦
હરિણ-શશાદિક જીવને રે, જીવિત આપ્યુ સંત રે-**શિવ**૦...(૨)
મુજ કૃપા તે નવિ કરી રે, જાણું સહિ વીતરાગ રે-**મન**૦
યાચક દુખીયા-દીનને રે, દીધું ધન મહાભાગ્ય રે-**શિવ**૦...(૩)

માગું હું પ્રભુ એટલું રે, હાથ ઉપર દ્યો હાથ રે-**મન**૦
તે આપી તુમ નવિ શકો રે, આપો ચારિત્ર હાથ રે-**શિવ**૦...(૪)

ચારિત્ર **ઓથ** આપી કરી રે, **રાજુલ** નિજ સમ કીધ રે-**મન**૦
**ઋદ્ધિ કીર્ત્તિ** પામી કરી રે, **અમૃત** પદવી લીધ રે-**શિવ**૦...(૫)

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

નેમિ જિણેસર સાહિબા-સુણ સ્વામીજી, કરૂં વિનતિ કરજોડ ખરી
કાળો પણ રતનાલિઓ-સુણ૦ દિલ રંજન દીદાર સરી-નેમિ૦(૧)
વિણ પૂછે ઉત્તર દીયો-સુણ૦ કહેતાં આવે લાજ ઘણી
પૂછયા વિણ કહો કિમ સરે-સુણ૦ તુંહિ જ ઉત્તર યોગ્ય ધણી-નેમિ૦(૨)
ભવ ભમતાં આ દુઃખનો-સુણ૦ પામીશ પાર હું કિમ કહો
હળવોકે ભારે અછુ-સુણ૦ ડહાપણ કરીને જિમ લહો-નેમિ૦(૩)
ઘણું વિચારી જોવતાં-સુણ૦ તુંહિ જ સુખનો ઠામ મિલે
મન પણ સ્થિર નહિ તેહવો-સુણ૦ જ્ઞાની વિણ કહો કુણ કલે-નેમિ૦(૪)
દાયક સુખના **દાનનો**-સુણ૦ **વિમલ** હૃદયમાં તુંહી વસ્યો
મીઠી સાત **ધાતમાં**-સુણ૦ તિલમાં **પરિમલ તેલ** જિસ્યો-નેમિ૦(૫)

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

### (આયેસડાની-એ દેશી)

પિઉ ! સુણ રે શામળીયા નાહ કે, હું સસનેહી સુંદરી રે-મનમોહનીયા
પિઉ ! અષ્ટ ભવતંર પ્રીતિ કે, નવમે ભવ કિમ પરિહરી રે મનમોહનીયા(૧)

પિઉ ! તું છે ચતુર ! સુજાણ કે, હું ગોરી ગુણ આગલી રે-મન૦
પિઉ ! બોલે રાજુલ નાર કે, વાલિમ-વિરહે આકળી રે-મન૦(૨)

પિઉ ! જોવનના દિન જાયકે, અવસર લાહો લીજીયેરે-મન૦
પિઉ ! અવસર ઉચિત અજાણ કે, પશુ ઉપમ તસ દીજીયે રે-મન૦(૩)

પિઉ ! ફુલમાળા સુકુમાળ, કે, કુમલાયે તુજ કામિની રે-મન૦
પિઉ ! દિન જા યે જનવાત કે, પણ નવિ જાયે યામિની રે-મન૦(૪)

પિઉ ! **શિવાદેવી**-માત મલ્હારે કે, સાર કરો અબળાતણી રે-મન૦
પિઉ ! યદુપતિ **નેમિ** કુમાર કે, આવો મંદિર અમ ભણી રે-મન૦(૫)

પિઉ ! બોલ્યા શ્રીજગદીશ કે, વીશ વિસવા તુમે ભાવજો રે-મન૦
પિયા ! એ સંસાર અસાર કે, મુગતિ મંદિરમાં આવજો રે-મન૦(૬)

પિયા ! **રાજુલ નેમિ** જિણંદ કે, અવિહડ શિવસુખ દીઠડા રે-મન૦
પિઉ ! **મેરૂવિજય** ગુરુ-શિષ્ય કે, **વિનીતવિજય** મન મીઠડા રે-મન૦(૭)

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ-અરગજો)

કોન મનાવો રે રૂઠડાં નેમસોં, કોન૦
બહુઅત મામસોં તોરન આએ, ફેરચલે ચલે રથ કેમસો-કો૦ (૧)
આઠ ભવાંતર નેહનિવાહી, નવમેં ભવ કરી એમસો-કો૦ (૨)
છોડી દીની છિનમે વાલમ, બિગર્યો પાન જ્યોં ચોલિકસો-કો૦ (૩)
રે ! મૃગનયની ચંદાવદની, અરજ કરો જઈ સેનસો-કો૦ (૪)
બિરહ દિવાની **રાજુલરાની**, પોહોતી પ્રિયાસંગ પ્રેમસોં-કો૦ (૫)
સંજમ આપી પદસોં થાપી, શિવસુખ **અમૃત** બેનસોં-કો૦ (૬)

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

### (મકર જીવ પરતાંતિ દિનરાતિ તું-એ દેશી)

**નેમિજિન** સાંભળો વિનતિ મુજ તણી, આશ નિજદાસની સફળ કીજે,
બ્રહ્મચારી શિર સેહરો તું પ્રભો ? તાત મુજ વાત વાત ચિત્તે ધરીજે-નેમિ૦॥૧॥
નગર [૨]શૌરીપુર નામ રળીઆમણું, [૩]**સમુદ્રવિજયાભિધે**(૧)ભૂપ દીપે,
[૪]**શ્રી શિવાદેવી** નંદન કરૂં વંદના, [૫]અજંનવાન રતિનાથ(૨)જીપે-નેમિ૦॥૨॥
શંખ ઉજ્વલ ગુણા શંખ [૬]લાંછન થકી, સાર ઇગ્યાર [૭]ગણધર સોહાવે,
[૮]આઉ એક સહસ વરસમાને કહ્યું, અંગ [૯]દશધનુષમાને કહાવે-નેમિ૦॥૩॥
યક્ષ [૧૦]**ગોમેધ** ને [૧૧]**અંબિકા યક્ષિણી**, જૈનશાસન સદા સૌખ્યકારી,
અઢાર હજાર અણગાર શ્રુતસાગરા, સહસ ચ્યાલીશ [૧૩]અજ્જાવિચારી-નેમિ૦॥૪॥
કાંચનાદિક બહુ વસ્તુ જગકારમી, સાર સંસારમાં તુંહી દીઠો,
**પ્રમોદસાગર** પ્રભુ હરખથી નિરખતાં, પાતિક પૂર(૩)સવી દૂર નીઠો-નેમિ૦॥૫॥

૧. નામના ૨.કામદેવ ૩. સમૂહ

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

### (દેશી-બિંદલીની)

બાવીસમા **નેમી** જિણંદા, મુખ દીઠે પરમ આણંદ હો-જિનવર સુખકદા ।
ભવિ-કુમુદ ચકોરી ચંદા, સેવે [૧]વૃંદારક-[૨]વૃંદા હો-જિન૦॥૧॥
પરમાતમ પૂરણ આનંદા, પુરૂષોત્તમ પરમ મુણિંદા હો-જિન૦
જય જય જિન જગત જિણંદા, ગુણગાવે ત્રિભુવન વૃંદા હો-જિન૦॥૨॥
[૩]ધીરીમ જિત મેરૂગિરીંદા, ગંભીરમ [૪]શયન-મુકુંદા હો-જિન૦
સદા સુપ્રસન્ન મુખ અરવિંદા, દંત છબિ ચિત્ત મસિ [૫]કુંદા હો જિન૦॥૩॥

**શ્રી સમુદ્રવિજય** નરીંદા, માતા **શિવાદેવીના** નંદા હો-જિન૦
વારંતા પ્રભુ ભવ-ભય ફંદા, દૂરે કર્યા દુઃખ કંદા હો-જિન૦॥૪॥

જેણે જીત્યા મોહ-મૃગેંદા, શિવસુખ-ભોગી ચિદાનંદ હો-જિન૦
**વાઘજી** મુનિ શિષ્ય **ભાણચંદ્ર**, ઈમ વિનવે હર્ષ [૬]અમંદા હો-જિન૦॥૫॥

---

૧. દેવ ૨. સમૂહ ૩. ધૈર્ય ૪. સમુદ્ર ૫. શ્વેતપુષ્પ ૬. ઘણા

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

### (ઉંચી મેડી દીવો બળે રે-એ દેશી)

**શિવાદેવી** સુત-સુંદરે વાહલો, **નેમિ** જિણંદ રાજ-**રાજુલ** નારીનો સાહિબો ।
યદુવંશી-શિર શેહરો, **સમુદ્રવિજય** કુળચંદ-રાજ-રાજુલ૦॥૧॥

મ્હોંટે ઉત્સવે **શ્રી કૃષ્ણજી**, તેહનો વિવાહ કરવા-રાજ-રાજુલ૦ ।
તેડી [૧]જોરાવરી આણીયા, **ઉગ્રસેન** પુત્રી વરવાય-રાજ-રાજુલ૦ ॥૨॥

વિણ પરણ્યે જે પાછા વળ્યા, તોરણથી રથ ફેરી-રાજ-રાજુલ૦ ।
તે શું કારણ જાણીએ, પશુની વાત ઉદેરી-રાજ-રાજુલ૦ ॥૩॥

[૨]હળધર [૩]કાન્હા આડા ફરી, બંધવ ઈમ નવિ કીજે-રાજ-રાજુલ૦ ।
છોકરવાદ શાણા થઈ, કરતાં લજ્જા છીજે-રાજ-રાજુલ૦ ॥૪॥
ઉભો ઉગ્રસેન વિનવે, વહેલા મહેલ પધારો-રાજ-રાજુલ૦ ।
માન વધારો મ્હોટો કરો, અવગુણ કો ન વિચારો-રાજ-રાજુલ૦ ॥૫॥

કોઈનું વચન ન માન્યું, દુલ્હન રોતી મૂકી-રાજ-રાજુલ૦ ।
રૈવત ચઢી શિવને વર્યા, **રાજુલ** પણ નવિ ચૂકી-રાજ-રાજુલ૦ ॥૬॥

હકડેહક હાણ ઈણે કરી, જે બીજે નવિ થાયે-રાજ-રાજુલ૦ ।
**શ્રીઅખયચંદ** સૂરીશનો, **ખુશાલમુનિ** ગુણ ગાયે- રાજ-રાજુલ૦ ॥૭॥

---

૧. પરાણે ૨. બળદેવ ૩. શ્રીકૃષ્ણ

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

### (દેશી-ભટીયાણીની)

વિનતડી અવધારો હોજી પધારો વહાલા **નેમજી**, અરજ **સુણો** મુજ દેવ ।
તુમે છો જગના તારૂ હો, ભવવારૂ મોહન માહરૂ, અહનિશ કરસ્યાં સેવ
-વિ૦॥૧॥

જાદવકુળના ધારી હો અધિકારી સુરત તાહરી, સૂરત મોહનવેલ ।
દેખત દિલડું હરખેહો અતિ નિરખે વરસે મેહુલો, અષાડો ગજગેલ
-વિ૦॥૨॥

દીસો છો જગન્યારા હો દિલ પ્યારા, વાર્યા નવિ રહો, કિમ કરી દાખવું પ્રીત ।
જિમ જુઓ કેતકીવનમાં હો વળી દિલમેં મન તે ભમરજ્યું, ઈમ અમ કુલવટ રીત
-વિ૦॥૩॥

સમુદ્રવિજય સુત ઈંદાહો શિવાનંદા હંદા સાહેબા, નયણ રહ્યાં લોભાય ।
તુમે મુજ અંતરજામી હો શિવગામી સ્વામી માહરા, સુગુણનિધિ કહેવાય
-વિ૦॥૪॥

પશુની કરૂણા પેખી હો ઉવેખી દેખી નવિ રહ્યા, આણી હૃદય વિચાર ।
મનમાચ્યા તિહાં રાચ્યા હો સવિ આશ્યા મુજ મનમાં રહીં, કુણ ઘર એહ આચાર
-વિ૦॥૫॥

મેં જાણ્યું તુમે રાગી હો સોભાગી ત્યાગી પ્રેમના, પુણ્ય તણા અંકુર ।
મુજ મંદિરિયે આવો હો દિલ લાવો નાવો કિમ નહિ, જિન ઘરહિયેં હજુર
-વિ૦॥૬॥

દીજે સાહેબ સેવા હો સુખમેવા દેવા હેજથી અષ્ટ કરમ મદ મોડ ।
**ચતુરવિજય** ચિત્ત ધરવા હો સુખ કરવા વરવા **નેમને** સુંદર બે કર જોડ
-વિ૦॥૭॥

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

## (પદ્મ પ્રભ જિન લઈ અલગા રહ્યા-એ દેશી)

**નેમિજિણેસર** ! નિજ કારજ કર્યો, છાંડયો સર્વ વિભાવોજી ।
આતમ-શક્તિ સકળ પ્રગટ કરી, આસ્વાદ્યો નિજ ભાવોજી-નેમિ૦॥૧॥
**રાજુલ** નારીરે સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતોજી ।
ઉત્તમ-સંગેરે ઉત્તમતા વધે, સાધે આનંદ અનંતોજી-નેમિ૦॥૨॥
ધર્મ-અધર્મ-આકાશ અ-ચેતના, તે વિજાતી અ-ગ્રાહ્યોજી ।
પુદગળ ગ્રહવેરે કર્મ કલંકતા, વાધે બાધક વાહ્યોજી નેમિ૦॥૩॥
રાગી-સંગેરે રાગદશા વધે, થાયે તિણે સંસારોજી ।
નિ-રાગીથી રે રાગનો જોડવો, લહીયે ભવનો પારોજી-નેમિ૦॥૪॥
અ-પ્રશસ્તતારે ટાળી પ્રશસ્તતા, કરતાં આશ્રવ નાસેજી ।
સંવર વાધેરે સાથે નિર્જરા, આતમ-ભાવ પ્રકાશેજી-નેમિ૦॥૫॥
નેમિ-પ્રભુ ધ્યાને એકત્વતા, નિજ તત્વે ઈકતાનોજી ।
શુકલ-ધ્યાનેરે સાધી સુસિદ્ધતા, લહિયે મુક્તિ-નિદાનોજી-નેમિ૦॥૬॥
અ-ગમ અ-રૂપીરે અ-લખ અ-ગોચરૂ, પરમાતમ પરમીશોજી ।
**દેવચંદ્ર** જિનવરની સેવના, કરતાં વાધે જગીશોજી-નેમિ૦॥૭॥

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

### (પ્રથમ જિનેસર પૂજવા સૈયર મોરી)

સુખકર સાહિબ શામળો, જિનજી મારો ! નાહ સુરંગો નેમ હો ।
[1]કામિત-કલ્પતરૂ સમો, જિ૦ રાજિમતી કહે એમ-હો-
-કામણગારા કંતજી ! મનમોહન ગુણવંતજી ! જિનજી મારા !
એક-રસો રથ વાળ હો ॥૧॥

[2]ત્રેવડ મુજ તજવા તણી જિ૦ હુંતી જો શિવ હુંશ હો ।
[3]અ-બલા [4]બાલ ઉવેખવા-જિન૦ ।
શી કરી એવડી [5]ધૂંસ હો-કામણ૦॥૨॥

ઉંડું કાં ન આલોચિયું ? જિ૦ સગપણ કરતાં સ્વામી હો ।
પાણી પી ઘર પૂછવું જિ૦ કાંઈ ન આવે તે કામ હો-કામણ૦॥૩॥

ઓલંભે આવે નહીં-જિન૦ રાજુલ ઘર ભરતાર હો ।
વાલિમ વંદન મન કરી-જિન૦ । જઈ ચડી ગઢ ગિરનાર હો-કામણ૦॥૪॥

શિવપુર ગઈ સંજમ ધરી-જિન૦ અનુપમ સુખરસ પીધ હો ।
જીવણ-જિન-સ્તવના થકી-જિન૦ । સમકિત ઉજ્જવલ કીધ હો-કામણ૦ ॥૫॥

---

૧. ઈષ્ટ વસ્તુ માટે કલ્પવૃક્ષ જેવો ૨. અંદરની વિચારણા ૩. નિર્બલ ૪. ભોળી એવી બાલિકાઓને
૫. ફટાટોપ તૈયારી

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

### (અનંતવીરજ અરિહંત ! સુણો મુજ વિનતિ)

એહ અથિર સંસાર-સ્વરૂપ અછે ઈસ્યો,
ક્ષણ પલટાએ રંગ [1]પતંગ તણો જિસ્યો !
બાજીગરની બાજી જેમ જૂઠી સહી,
તિમ સંસારની માયા એ સાચી નહીં ॥૧॥

ગગને જિમ [2]હરિ-ચાપ પલક એક પેખિયે ।
ખિણમાંહે [3]વિસરાલ થાયે નવિ દેખિયે ।
તિમ એહ યૌવન-રૂપ સકલ ચંચલ અછે,
ચટકો છે દિન ચાર [4]વિરંગ હુએ પછે ॥૨॥

જિમ કોઈક નર રાજ્ય લહે સુપના વિષે,
હય-હાથી-મઢ-મંદિર દેખી ઉલ્લસે ।
જબ જાગે તવ આપ રહે તિમ એકલો,
તેહવો ઋદ્ધિનો ગારવ તિલ પણ નહિ ભલો ॥૩॥

દેખીતાં કિંપાક-તણાં ફલ [5]ફૂટરાં,
ખાતાં સરસ સ્વાદ અંતે જીવિતહરાં ।
તિમ તરૂણી-તનુભોગ તુરત સુખ ઉપજે,
આખર તાસ વિપાક કટુક રસ નિપજે ॥૪॥

એ સંસાર **શિવા-સુત** એહવો ઓળખી,
રાજ રમણી ઋદ્ધિ છોડી થયા પોતે [6]રિખી ।

કર્મ ખપાવી આપ ગયા શિવ-મંદિરે,
**દાનવિજય** પ્રભુ-નામથી ભવ-સાગર તરે ।।૫।।

૧. હલદર ૨. ઈન્દ્ર-ધનુષ્ય ૩. વિખરાય ૪. વિકૃત ૫. સુંદર ૬. ઋષિ=મુનિ=સંયમી

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

**(દીઠો સુવિધિ-જિણંદ, સમાધિ રસે ભર્યો હો લાલ-એ દેશી)**

રાજી કરીએ આજ કે-યાદવ-રાજીયા, હો લાલા કે-યાદવ રાજીયા,
નાથ ! [૧]નિવાજ અવાજના-વાજા વાજીયા હો લાલ કે-વાજા૦
જળપરે જગ સુ-ધ્યાન કે-રાજે રાજીયા હો લાલ કે-રાજે૦,
દીજે મુજ શિર હાથ કે-છત્ર જયું છાજીયા હો લાલ કે-છત્ર૦ ।।૧।।

તુમ સોભાગી સ્વામી-રાગી જન ઘણા હો લાલ કે-રાગી૦,
વલી સેવાનો જોગ ન-પામે તુમ તણા હો લાલ કે-પામે૦,
અવધારો અરદાસ-સદા કુણ કેહની હો લાલ કે-સદા૦,
[૨]ભાવ-તિસિ દીયો સિદ્ધિ કે, નિશ્ચય-નેહની હો લાલ કે-નિશ્ચય૦ ।।૨।।

સ્વારથીયાની વાત-ન કો મન સદ્દહે હો લાલ કે-ન કો૦,
પરમારથીયા લોક, તુમે સહુ કો કહે હો લાલ કે-તુમે૦ ।
શિવ-સારથીયા જીવ-જગત્રય ધારીયે હો લાલ કે-જગત્રય૦,
સહુ સાથે તિમ નાથ-નેહી પણ તારીયે હો લાલ-નેહી૦ ।।૩।।

તુમ પ્રસાદ જસવાદ-સવાદ સેવે મલે હો લાલ કે-સવાદ૦,

ન હુએ કોઈ અપવાદ-નિવાજ સરસ ભલે હો લાલ કે-નિવાજ૦ ।
તુઠયો જાણી જિણંદ કે, [3]પુઠો [4]પડિવજ્યો હો લાલ કે-પુઠો૦,
અષ્ટ-સિદ્ધિ લઈ હાથ કે, મહિમા [5]વજવજ્યો હો લાલ કે-મહિમા૦ ।।૪।।

જાૂગતે આઠે જામ કે-નામ ન વિસરૂં હો લાલ કે-નામ૦,
ગુણે [6]તુમહિ જાણી મન-[7]મોટીમ હું ધરૂં હો લાલ કે-મોટીમ ૦ ।
મયા કરો મહારાજ-નિવાજે ઈણિ પરે હો લાલ કે-નિવાજે૦,
પિયુ-પિયુ સાદે **મેઘ**, મહીતલ સર ભરે હો લાલ કે-મહી૦ ।।૫।।

૧. પ્રસન્નતાના સૂરના ૨. ભાવતૃષારૂપ ૩. સમજણ સાથે ૪. સ્વીકાર્યો ૫. જાળવજો ૬. તમને ૭. મોટાઈ

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

### (વર્ધમાન જિનવર વરદાયી-એ દેશી)

સાંભળ સ્વામી ! ચિત્ત-સુખકારી ! નવ-ભવ-કેરી હું તુજ નારી ।
પ્રીતિ વિસારી કાં ! પ્રભુ ! મોરી, ક્યું રથ ફેરી જાઓ ? છોરી ।।૧।।

તોરણ આવી શું મન જાણી ?, પરિહરી ! માહરી પુરાણી ।
કિમ વન [1]સાધે ? વ્રત લીયે [2]આધે, વિણ-અપરાધે ! શ્યે [3]પ્રતિબંધ ! ।।૨।।

પ્રીતિ કરી જે ! કિમ તોડીજે, જેણે જસ લીજે ! તે પ્રભુ ! કીજે ।
[4]જાણ-સુ-જાણ જ તે જાણીજે, વાત જે કીજે તે [5]નિવહીજે ।।૩।।

ઉત્તમહી જો આદરી છંડે, મેરૂ-મહીધર તો કિમ [૬]મંડે ? ।
જો તુમ-સરીખા સયણ જ ચૂકે, કિમ (નવિ)જલધર (નિધિ-માઝા) દ્વારા મૂકે ॥૪॥

નિ-ગુણા ભૂલે તેતો ત્યાગે, ગુણ વિણ નિવહી પ્રીતિ ન જાયે ।
પણ સુ-ગુણા જો ભૂલી જાયે, તો જગમાં કુણને કહેવાયે ? ॥૫॥

એક-પખી પણ પ્રીતિ નિવાહુ; ધન ધન તે અવતાર આરાહે ।
ઈમ કહી **નેમશું** મલી એકતારે, **રાજુલ**-નારી જઈ ગિરનારે ॥૬॥

પૂરણ મનમાં ભાવ ધરેઈ, સંયમી હોઈ શિવ-સુખ લેઈ ।
**નેમશું** મલીયા રંગે રલીયા, **કેશર** જંપે વંછિત ફલીયાં ॥૭॥

---

૧. જાઓ છો ! ૨. અર્ધે-અધ વચ્ચેથી ૩. કારણે ! ૪. જાણકારોમાં પણ શ્રેષ્ઠ ૫. નભાવે-પૂરી કરે ૬. સ્થિર રહે

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

### (સહિયર પૂછઈ વાત હાં હું વારી લાલ-એ દેશી)

**રાજુલ** પૂછે વાત, હાં હું વારી લાલ !
નાહ નિઠુર છોડી ક્યું ગયો ? ।
વિણ-અવગુણ ઉવેખી, હાં હું વારી લાલ !
નેમિ વૈરાગી કહો ક્યું થયો ?..॥૧॥

સહિયર કહે સુણિ વાત, હાં હું વારી લાલ !
દોષ ન કોઈણરો ન તાહરો ।
યા દુશ્મને ઘાલી ઘાત, હાં હું વારી લાલ !
રાજુલ કહઈ, કુણ દુશ્મન માહરો૦ ?...॥૨॥

સખિ કહઈ પરગટ દેખિ, હાં હું૦
તઈં નયણ હરાયો, હિરણ તે વયરી તાહરો ।
તિણિ એ દીધો દાવ, હાં હું૦ ટાણો લહિયો વિવાહ રે..॥૩॥

બીજી સખી કહઈ વાત, હાં હું,૦ દોષ નહીં કોઇ, ઈણિ હરણરો ।
પહિલો મતો ન પોંસાચ, હાં હું૦ ઈણ રઈજી કન્યા પરણરો..॥૪॥

મન માન્યા વિણ વ્યાહ, હાં હું૦ પરણવાઆણ્યો 'માન્યો માન્યો' કહી ।
[1]જોરે ન જુડઇ પ્રીતિ, હાં હું૦, [2]બાંધ્યે કલંબીએ, ગામ વસઈ નહીં૦..॥૫॥

તિણસ્યું કિસ્યો રે સનેહ, હાં હું૦, હેજ હિયડારો જિણિ મઇ ન દેખિઈ ।
છાંની જિણરી વાત, હાં હું૦ તિણિરો ભરુંસો, કહો કયું લેખિઈ ?..॥૬॥

ઈમ નિસુણિ રાજુલ-નારી, હાં હું૦, પિઉનઇ મનાવણ કારણઈ ।
પહુતી ગઢ ગિરનારિ, હાં હું, કહઈ **કનકવિજય**, જાઉ હું બારણઇ૦..॥૭॥

૧. પરાણે પ્રીતિ ન જોડાય ૨. બાંધેલા = પરાણે વસાવેલા કણબીથી ગામ ન વસે

## કર્તા : શ્રી રુચિરવિમલજી મ.

### (ઢાલ-ચંદ્રાયણાની)

યાદવ જાન લેઈ કરી રે, આયા મંડપ [1]બારે,
પશુય પુકારે રથ વાલીનૈ, વલીયા નેમિ કુમાર ।

(ચાલ)

વલીયા નેમિકુમાર ઈમ જાણી, રાજીમતી રાણી [2]મુરઝાણી !
માત-પિતા સહિયર વિલખાણી, બોલે આંસુ ભરાણી વાણી-જી નેમીસરજી રે ॥૧॥

અબલા-અવગુણ [3]વાહરી રે, [4]મુંકો કાંય વિસારી ! ।
આઠ ભવાંતર પ્રીતિડી રે, આવો [5]વેગેં સંભારી ॥

(ચાલ)

આવો વેગ સંભારી, મુકો કાંય વિસારી ? બાલા ।
યૌવન જુગતિ વેષ રસાલા, નિઠુર નાહ ! નવિ દીજ્યૈ [6]ટાલા-
-[7]રઢિ છાંડી આવો [8]રઢીયાલાજી, —નેમી૦॥૨॥
ના પીયુડો પાપી લવૈ રે, [9]અમલસ લાવે [10]મોર ।
પીઉ વિણ ખીણ એક દોહિલો રે, કંત છે નિપટ કઠોર ।

(ચાલ)

કંતજી ! નિઠુર ન કીજે હાંસી, છું તુઝ પૂર્વ-ભવની દાસી
અબલા અવસર કાં ગયો નાસી, કંત ન છોડો નારી, નિરાસી-જી નેમી૦॥૩॥
રૂપ-ગુણે રંગે ભરી રે, છોડી રાજકુમારી ।
બહુ મૈત્રી લાલચ ભરી રે દીધી શિવ તેં પ્યારી ।

(ચાલ)

શિવ ધૂતારી નામ કહાવૈ, રાગ વિના સહૂ જગ ભરમાવે ।
પરનારી શું ચિત્ત લલચાવે, વલી બ્રહ્મચારી નામ ધરાવે-જી નેમી૦॥૪॥
નિ-સનેહીસું નેહલો રે, કાં કીધો કિરતાર ! ।
પીઠ પૂંઠે ચાલી સતી રે, પહૂંતી ગઢ ગિરનાર ॥

(ચાલ)

ગિરનારે સંજમ-વ્રત ધરી, પીઉ પહેલી શિવ-પંથ સીધારી ।
ધન ધન નેમિજી રાજુલ નારી, **રૂચિરવિમલ** પ્રભુ જય-જયકારી-જી નેમી૦॥૫॥

---

૧. બારણે ૨. ખેદ પામી ૩. આગલ કરી ૪. મને ૫. જલ્દી ૬. વિયોગ ૭. આગ્રહ ૮. સુંદર
૯. આમળો=દુઃખ ૧૦. મને

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

### (રાગ-સોરઠ-કાનુડા તુમસો લાગી મોરી પ્રીત-એ દેશી)

શામલીયા તુમશું લાગો મોરો નેહ, લાગો મોરો નેહરે શામળીયા।
**શિવાદેવી** સુત સુંદર સોહે, **નેમીસર** ગુણ ગેહ રે-શામ૦
વિણ-અપરાધે, છોકરવાદે, [૧]છયલ ! ન દીજયે છેહરે-શામ૦ ॥૧॥
રયણી અંધારી બિજ ચમકે, ઝરમર વરસે મેહ રે-શામ૦
[૨]પાવસ ઋતુ પદમનીસું પીઉડા, રાખીજયે રંગ રેહ રે-શામ૦ ॥૨॥
સોવનવરણી લાલ સુરંગી, કામિની કોમલ દેહ રે-શામ૦
શિવ ધૂતારીને વિસારી, આવો માહરે ગેહ રે-શામ૦ ॥૩॥
બાંહ ગહ્યાંની લાજ ન જેહને, નિગુણ નિઠુર નર તેહ રે-શામ૦
પારસ-સંગે લોહ કંચન જયો, હોવે સંપતિ એહ રે-શામ૦ ॥૪॥
પ્રભુજી સાર કરો અબ મેરી, હું તુમ ચરણની [૩]જેહ રે શામ૦
**રૂચિર** નેમિ-રાજુલ ગુણ ગાવે, પાવે સુખ અ-છેહ રે-શામ૦ ॥૫॥

૧. હોવલાસી ૨. ચોમાસું ૩. ધૂળ

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

### (ફૂલડાની દેશી)

માત **શિવાદેવી** જાયા-રાજ ! સુર નર નારી ગુણ ગાયા-રાજ !।
ઘર આવો રે હઠીલા હઠ છોડી, મ્હેં તો અરજ કરાં કર જોડી-રાજ ! ઘર૦
જીવદયા મન આણી-રાજ !, કાંય છોડો જી! **રાજુલ** રાણી-રાજ ! ઘર૦॥૧॥
થેંતો યાદવ-કુલરા હીરા-રાજ !, રથ ફેરો રે નણદીરા વીરા-રાજ !, ઘર૦
છેહ છયલ ! નવિ દીજે-રાજ !, ધણ-યૌવન લાહો લીજૈ-રાજ ! -ઘર૦॥૨॥

ઘર છોડયાં જગ હાંસો-રાજ !, ઘર આવી કરો ઘરવાસો-રાજ !-ઘર૦
સખી ! કટક કીડી કાજઇ-રાજ !, કરતાં કિમ કંત ! ન લાજે-રાજ !-ઘર૦॥૩॥

થેં તો મ્હાંસુંજી પ્રીત ઠગોરી-રાજ !, કરી ચિત્તડું લીધું ચોરી-રાજ !-ઘર૦
થેં તો મ્હાંસુંજી પ્રીત ઉતારી-રાજ !, થાંનેં અવર મિલી ધૂતારી-રાજ !-ઘર૦॥૪॥

પીઉ થેં છોજી કામણગારા-રાજ !, અબલારા પ્રાણ-આધારા-રાજ !-ઘર૦
નયણાં નિંદ ન આવે-રાજ !, શામલીયો સેંણ સુહાવે-રાજ !-ઘર૦॥૫॥

ઇમ પીઉનેં ઓલંભા દેતી-રાજ !, પીઉ પાસે સંજમ લેતી-રાજ !-ઘર૦
**રૂચિરવિમલ** સુખદાયા-રાજ ! **નેમિ-રાજૂલ** શિવ-સુખ પાયા-રાજ !-ઘર૦॥૬॥

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

### (ઢાલ-"લાલુડાની")

મ્હારા નેમિ પિયારા લો નેમજી !, શામલીયો શામલીયો કરતી સાદ કરૂં રે લો-
-મ્હારા નેમ પીયારા લો-નેમિજી૦॥
ખિણ-ખિણ ઉણી નેમિ વિહુણી કેમ કરૂં રે લો-મ્હારા૦ નેમિ૦॥
ગોખૈ બૈઠી પીઉ દુખ પૈઠી વાટ જોઉં રે લો-મ્હારા- નેમિ૦॥
પિઉ વિણ સાસો દિન વરસ સામો કેમ ખોઉં રે ? લો- મ્હારા૦ નેમિ૦ ॥૧॥

શામલીયો [1]વરસાલૈ સાલૈ સાલ સમો રે-મ્હારા૦ નેમિ૦
રાજમહેલમાં રાજા-રાણી સંગ રમો રે લો-મ્હારા૦ નેમિ૦
પરિહરિ તરુણી ધરણી પર ઘર કાંય ભમો રે લો- મ્હારા૦ નેમિ૦
યૌવન-વય પામીને ફોકટ કાંય ગમો રે લો- મ્હારા૦ નેમિ૦ ॥૨॥
પશુઆ પુકાર સુણીને, દુણી રીસ ચડી રે લો-મ્હારા૦ નેમિ૦,
સોકડલીનૈ કાજે મારને માર પડી રે લો-મ્હારા૦ નેમિ૦

અન્ન ન ભાવૈ નાવૈં નયણાં નીદંડી રે લો-મ્હારા૦નેમિ૦
કામ સતાવૈ ભાવૈ તુમસૈં પ્રીતડી રે લો-મ્હારા૦ નેમિ૦॥૩॥

આભૂષણ અંગારા અંગના રે લો-મ્હારા૦નેમિ૦
કોઈક બોલ કુ-બોલ ન સાલ્યા રંગના રે લો-મ્હારા૦ નેમિ૦
કીડી ઉપર કટકી ત્રાટકી કાંય કરો રે લો-મ્હારા૦ નેમિ૦
વિણ અપરાધે ક્રોધ હીયામાં કાય ધરો રે લો-મ્હારા૦ નેમિ૦
ચોલી ચરણા ચીરનેં કાજૈ કાંય ડરો રે લો- મ્હારા૦ નેમિ૦॥૪॥

નિઠુર-હીયાના નાહ ન આપો છેહલો રે લો, મ્હારા૦ નેમિ૦
અબલા સાથે જોડી અવિહડ નેહલો રે લો-મ્હારા૦ નેમિ૦
મૂંછાલા ભૂપાલા કેટલા કાંયા દીઓ રે લો-મ્હારા૦ નેમિ૦
ખિણ ઘરમાં ખિણ આંગણ કાંમણ સ્યો કીઓ રે લો- મ્હારા૦ નેમિ૦॥૫॥

ઇમ વિલવંતી પદમિની પ્રેમે પરવડી રે લો-મ્હારા૦ નેમિ૦
રહનેમિ પડિબોહી ઉજલ શૃંગ ચડી રે લો-મ્હારા- નેમિ૦
નેમ સમીપે સંયમ લેઇ મોક્ષ ગઇ રે લો-મ્હારા૦ નેમિ૦
**રૂચિરવિમલ** પ્રભુ ગાતાં આશા સફલ થઈ રે લો- મ્હારા૦ નેમિ૦॥૬॥

---

૧. ચોમાસામાં

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

### (સાસૂ પૂછઈ હે વહૂ-એ દેશી)

**રાજુલ** કહે સુણિ હે ! સખી !, માહરો [1]નાહલીયો નેમિ રીસાણો-કાંઈ ? ।
તોરણથી પાછો વલ્યો, નવ ભવ નેહ નિવારી જાઇં,
નેમિ [2]નગીનો માહરો સાહિબો-નેમિ૦।।૧।।

પશુ-વયણે તજી નારીને, એ સમઝણ રૂડી નહીં-રાય ! ।
ટલવલઇ અ-બલા તુઝ વિના, [3]ગોરી ખોબો ધાન ન ખાય-નેમિ૦।।૨।।

યોગ તુમ્હે જો આદર્યો, મુઝને તે [4]આલો ! પ્રિય સાર ।
હવઈ હું ધરમની ભારજા, તું મુઝ ધરમ-તણો ભરથાર-નેમિ૦।।૩।।

પહર્યો ચારિત્ર-ચૂડલો, રાજુલે રાખ્યો અ-વિહડ રંગ ।
બ્રહ્મચારી પિયુ નેમિશ્યું, લોક-લોકોત્તર છંડયો ન સંગ-નેમિ૦।।૪।।

જિનવર ત્રિક કલ્યાણ કે, દીપાવ્યો ડુંગર **ગિરનાર** ।
**ભાવપ્રભ** નેહે કરી, **રાજુલ** પામી ભવનો પાર-નેમિ૦।।૫।।

---

૧. પ્રેમી, ધણી ૨. શ્રેષ્ઠ ૩. ખરેખર તમારા વિના રાજુલ રૂપ સ્ત્રી ખોબો અનાજ ખાઈ શકતી નથી બીજી ગાથાની ચોથી લીટી ૪. આપો

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

(હાં રે ! મારે ! ધર્મ-જિણંદશું લાગી પૂરણ-પ્રીતજો-એ દેશી)

હાં રે ! મારે ! **નેમિ-જિનેસર** અલવેસર આધાર જો
સાહિબ રે સોભાગી ગુણ-મણિ-આગરૂ રે લો
હાં રે ! મારે ! પરમ-પુરૂષ પરમાતમ દેવ પવિત્ર જો
આજ મહોદય દરિસણ પામ્યો તાહરૂં રે લો૦.II૧II

હાં રે ! મારે! તોરણ આવી પશુ છોડાવી નાથ જો
રથ ફેરીને વળીયા નાયક **નેમજી** રે લો
હાં રે ! મારે [1]દૈવ [2]અટારે એ શું કીધું ? આજ જો
[3]રઢીઆળી વર **રાજુલ** છોડી કેમજી રે ? લો૦.II૨II

હાં રે ! મારે ! સંયોગી-ભાવ વિ-યોગી જાણી સ્વામી જો
એ સંસારે ભમતાં કો કેહનું નહિ રે ! લો
હાં રે ! મારે ! લોકાંતિકને વયણે પ્રભુજી તામ જો
વરસી દાન દીયે તિણ અવસર જિન સહી રે લો૦.II૩II

હાં રે ! મારે ! સહસાવનમાં, સહસ-પુરૂષની સાથ જો
ભવ-દુઃખ-છેદન-કારણ ચારિત્ર આદરે રે લો
હાં રે ! મારે વસ્તુ-તત્ત્વે રમણ કરંતા [4]સાર જો
ચોપનમે દિન કેવલ-જ્ઞાન-દશા વરે રે લો૦.II૪II

હાં રે ! મારે ! શિવા-[5]નંદ વરસે સુખકર વાણી જો
આસ્વાદે ભવિ ભાવ ધરીને સુંદરૂ રે લો૦.II૫II

હાં રે ! મારે ! દેશના નિસુણી બુઝયાં **રાજુલ** નાર જો
નિજ-સ્વામીનો હાથે **સંયમ** આદરે રે લો
હાં રે ! મારે ! અષ્ટ-ભવોની પાળી પૂરણ-પ્રીત જો
પિયુ પહેલાં શિવ-લક્ષ્મી **રાજિમતી** વરે રે લો૦..॥૬॥

હાં રે ! મારે ! વિચરી વસુધા પાવન કીધી સાર જો
જગ-ચિંતામણિ જગ-ઉપગારી ગુણ-નિધિ રે લો
હાં રે ! મારે ! **જિન-ઉત્તમ**-પદ-પંકજ-કેરી સેવ જો
કરતાં **રતનવિજયની** કીરતિ અતિ વધી રે લો૦..॥૭॥

---

૧. ભાગ્ય ૨. ખરાબ ૩. સુંદર ૪. શ્રેષ્ઠ ૫. પુત્ર

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

### (ઢાલ-બાદરીયાની-બેટી કાગલ મોકલે જો-એ દેશી)

**સૌરીપુરી** નગર સોહામણું જો, તિહાં સમુદ્રવિજય નૃપ સાર જો
શિવાદેવી રાણી તેહનઇ જો, રૂડી રંભા તણે [1]અણુહાર જો
નેમ નગીનો મુજનઈ વાલહો જો-નેમ૦॥૧॥

તાસ કૂખિ કમલ-હંસલો જો, અવતરીયા નેમ-કુમાર જો
બ્રહ્મચારી શિર-સેહરો જો, સત્વવંતમાં સિરદાર જો-નેમ૦॥૨॥

કેલિ કરંતાં જળમાં ગોપીઓએ, [2]કબુલાવ્યો પ્રભુ ઘરબાર જો
ઉગ્રસેન-રાય બેટડી જો, કીએ તેસ્યું લગ્ન-વિચાર જો-નેમ૦॥૩॥

જાન લેઈ [3]સબ લઇ સાજશું હો !, પ્રભુ ! આવ્યો તોરણ બારજો
પશુઅ પોકાર સુણી ચાલીયા જો, જિન લેઈ સંયમ-ભાર જો-નેમ૦॥૪॥

**રાજુલ** રાણી પુંઠિ સંચરી જો, જઈ પોહતી ગઢ ગીરનારિ જો
મુગતિ-મહોલમેં મોકલ્યાં જો, પ્રભુ **માણેક** મોહનગાર જો-નેમ૦॥૫॥

---

૧. જેવી ૨. પરાણે-છલથી મનાવ્યો ૩. ધૃણા

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

### (મારી સઈ રે સમાણી રે એ દેશી)

**નેમિ** નવલદલ અંતરજામી, શામલીયો સિરદાર રે-મન મોહન મેરે।
બાલ-બ્રહ્મચારી નિરંજન નીકો, યાદવ કુલ શણગાર રે-મન૦ ॥૧॥

અપરાજિત વિમાનમાં હરખે, મુનિ શંખ નામે સુખ ભાયો રે-મન૦।
તે સુખ છંડી શોરીપુર આવી, ચિત્રા નક્ષત્ર સોહાયો રે-મન૦ ॥૨॥

સુંદર વ્યાઘ્ર જોનિ જિન જનમ્યા, કન્યા રાશિ સુખદાય રે-મન૦।
રાક્ષસગણ પરમાતમ કેરા કર્મ દુરંત ભેદાય રે-મન૦ ॥૩॥

મહાવ્રત આદરી આદર્યું મૌન, ચોપન વાસર ખાસ રે-મન૦।
વેતસ-તરૂ હેઠલ વર-નાણ, પામ્યા પરમ-ઉલાસ-મન૦ ॥૪॥

પાંચસે છત્રીશ મુનિગણ સંગે, સિદ્ધમાં જ્યોત જગાવી-મન૦।
રૂપાતીત અનંત ગુણ **દીપે**, એ અચરિજ કહાવી-મન૦ ॥૫॥

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

### (વીરે વખાણી રાણી ચેલણાજી-એહની ઢાલ)

નેમિ અપરાજિતથી ચવિઉજી (૧) સમુદ્ર વિજય (૨)
શિવાદેવી (૩) રાશિ કન્યા (૪) રિખ [૧]ચિત ભલીજી (૫)
શંખ લંછણ પય સેવી (૬)-નેમિ૦ ॥૧॥
જીવિઅ સહસ ઈક વાસનુંજી (૭) ઈગ દશ ગણહર ચંગ (૮)
ધણુ દસ (૯) શામ તણું ઝગમગે જી (૧૦) વરદત્ત પારણ રંગ (૧૧)-નેમિ૦॥૨॥
[૨]બારવઈ વય (૧૨) છઠ તપઈજી (૧૩)
વેતસ તરૂ (૧૪) મુનિમાલ। સહસ[૩] અડ દસ (૧૫) સુરી અંબિકાજી (૧૬),
ગોમેધ (૧૭) જિણ-રખવાલ-નેમિ૦ ॥૩॥
નમિનાથ-નેમિનાથનઇ વિચઈજી, લાખ વરસ પંચ જાણ (૧૮)।
સહસ [૪]ચત્તા વળી સાહુણીજી (૧૯)
[૫]ઉજલગિરિ સિરિનાણ (૨૦)-નેમિ૦ ॥૪॥
જન્મ શૌરીપુરી (૨૧) સહસ છત્તીસ તિગ લખ્ખ (૨૨)।
સાવય સહસ [૬]ગુણહત્તરાજી, લખ ઈગ (૨૩)
ઉજલિ મુખ (૨૪) નેમિ૦ ॥૫॥

---

૧. ચિત્રા ૨. દ્વારિકા ૩. આઠ અને દશ મલી ૧૮ ૪. ચાલીશ ૫. ગિરનાર પર્વત ૬. ઓગણ્યોતેર

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

(અપને પીયાજીકી વાત રેં હું કેહને પુછું-એ દેશી)

નેમિ-જિણંદનું જ્ઞાન રે, જગમાં જયકારી,
જગત જંતુની રક્ષા કરવા, પ્રભુ અતિશય ઉપગારી રે-વંદો નરનારી-નેમિ૦॥
જય સમુદ્રવિજયાંગ-ભૂ, શિવા દેવીના જાયા,
શંખ લંછન અંજન-છવિ, દસ ધનુષની કાયા-નેમિ૦॥૧॥

અભયદાન શ્વાપદ ભણી, દીધું વરસી જનનેં ।
સંયમી બ્રહ્મચારી પણેં, સાધ્યું નિજ મનમેં-નેમિ૦॥૨॥

પ્રતિપદ પૃથ્વી પાવન કરી, સહસાવને સ્વામી ।
મૌનપણે ચોપન દિને, કેવલસિરિ પામી-નેમિ૦॥૩॥

પૂછે પ્રભુને કૃષ્ણજી, સુણો ! ત્રિભુવન રાય ! ।
ત્રિગુણ તીર્થ રૈવતપતિ, હરિવંશ સસવાય-નેમિ૦॥૪॥

ઉત્તમ સ્ત્રી-ગુણેં પરિવરી, રાજીમતી કન્યા ।
તુમ ચિત્તામાં કિમ નવી વસી ? અતિ-તન્વી ધન્યા-નેમિ૦॥૫॥

તવ સુરપતિ કહે કૃષ્ણને, જિન-ચિત્ત અ-ભંગે ।
જ્ઞાન ગર્ભ વૈરાગને, ઉત્તરંગને રંગે-નેમિ૦॥૬॥

ન મિલેં પ્રવેશ અનંગને, કૃશાંગીની શી વાત ?
તે સુણી **રાજીમતી** કહે, સુર-નર વિખ્યાત-નેમિ૦॥૭॥

ચિદાનંદ ચિત્તામાં તિહાં, નહિ કોઈનો નામ ।
ચિદાનંદ-સંયુત પ્રભુ, ધરું મુઝ મન ધામ-નેમિ૦॥૮॥

ઈમ કહી જિન-દીક્ષા ગ્રહી, કરી સંયમ-લીલા ।
**રહનેમિ** પ્રતિબોધીઓ, સતી પરમ-**સુશીલા**-નેમિ૦॥૯॥

ઈમ અનંત ગુણ-રાશિનો, પર પાર ન આવે ।
**સોભાગ્યચંદ્ર સ્વરૂપચંદ્રને**, જિન-ધર્મ શીખાવે-નેમિ૦॥૧૦॥

## કર્તા : શ્રી જશવિજયજી મ.

**(કુંથુ જિનેસર જાણ જોરે લાલ-એ દેશી)**

**શૌરીપુર** સોહામણું રે-લાલ, **સમુદ્રવિજય** નૃપ-નંદ રે-સોભાગી
**શિવાદેવી** માતા જનમીયો રે-લાલ, દરિસણ પરમાનંદ રે-સો૦
-નેમિ-જિનેસર વંદિયે રે લાલ-સો૦નેમિ૦॥૧॥

જોબન વય જબ જિન હુઆ રે-લાલ. આયુધ-શાળા આય રે-સો૦।
શંખ શબ્દ પૂર્યો જદા રે-લાલ, ભય-ભ્રાંત સહુ તિહાં થાય રે-સો૦નેમિ૦॥૨॥

હરિ હઈડે એમ ચિંતવે રે-લાલ, એ બલિયો નિરધાર રે-સો૦ ।
દેવ-વાણી તબ ઈમ હુએ રે લાલ, બ્રહ્મચારી વ્રત-ધાર રે-સો૦ નેમિ૦ ॥૩॥

અંતેઉરી સહુ ભેલી થઈ રે-લાલ, જલ-શ્રૃંગી કર લીધ રે-સો૦ ।
મૌન પણે જબ જિન રહ્યા રે-લાલ, "માન્યું-માન્યું" એમ કીધ રે-સો૦ નેમિ૦॥૪॥

**ઉગ્રસેન**-રાય તણી સુતા રે-લાલ, જેહનું **રાજુલ** નામ રે-સો૦ ।
જાન લેઈ જિનવર ગયા રે-લાલ, ફલ્યો મનોરથ તામ રે-સો૦ નેમિ૦॥૫॥

પશુય પોકાર સુણી કરે રે-લાલ, ચિત્ત ચિંતે જિનરાય રે-સો૦
ધિગ્ ! વિષયા-સુખ કારણે રે-લાલ, બહુ જીવનો વધ થાય રે-સો-નેમિ૦॥૬॥

તોરણથી રથ ફેરીયો રે-લાલ, દેઈ વરસી દાન રે-સો૦
સંજમ-મારગ આદર્યો રે-લાલ, પામ્યા કેવળ-જ્ઞાન રે-સો૦ નેમિ૦ ॥૭॥

"અવર ન ઇચ્છું ઇણ ભવે" રે-લાલ, **રાજુલે** અભિગ્રહ લીધ રે-સો૦
પ્રભુ પાસે વ્રત આદરી રે-લાલ, પામી અ-વિચળ રિદ્ધ રે-સો૦ નેમિ૦॥૮॥

**ગિરનાર** ગિરિવર-ઉપરે રે-લાલ, ત્રણ કલ્યાણક જોય રે--સો૦
**શ્રીગુરુ ખિમાવિજય** તણો રે-લાલ, **જશ** જગ અધિકો હોય રે-સો૦ નેમિ૦॥૯॥

## કર્તા : શ્રી જ્ઞાનવિમલસૂરીજી મ.

રહો ! રહો રે ! યાદવરાય ! દો ઘડીયાં, દો ઘડીયાં દો-ચાર ઘડીયાં; -રહો૦
[1]મોહ-મહિરાણ શિવાદેવી જાયા ! તુમે છો આધાર અડવડીયાં-રહો૦.॥૧॥

નાહ ! વિવાહ ચાહ કરીએ, કયું જાવત ? ફિર રથ ચડીયાં-રહો૦
પશુય પોકાર સુણીય કિય કરૂણા, છોડી દીયે પશુ-પંખી ચડીયાં-રહો૦.॥૨॥

ગોદ બિછાઉં મેં વારી જાઉં, કરૂં વિનતિ ચરણે પડીયાં-રહો૦
પીયુ વિણ દીહા તે વરિસ-સમોવડ, ન ગમે [2]સેનને [3]સેજડીયાં૦રહો૦.॥૩॥

વિરહ-દિવાની વિલપતી જોવન, વાડી-વન ઘર સેરડીયાં-રહો૦
અષ્ટ-ભવાંતર નેહ નિવાહત, નવમે ભવ તે વિછડીયાં-રહો૦.॥૪॥

સહસાવન માંહે સ્વામી સુણીને, **રાજુલ રૈવતગિરિ** ચડિયાં-રહો૦
પીયુજીનો નિજ-શિરે હાથ દેવાવત, ચાખે ચારિત્ર-શેલડીયાં-રહો૦.॥૫॥

યાદવ-વંશ-વિભૂષણ **નેમજી, રાજુલ** મીઠી વેલડીયાં-રહો૦
**જ્ઞાનવિમલ-ગુણે** દંપતી નિરખત, હરખત હોત મેરી આંખડીયાં-રહો૦॥૬॥

૧. મોહના ઉપક્રમમાં ૨. સુવાનું ૩. પલંગ

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

(રાગ-મારૂ)

**નેમિ** ! મોહે [1]આરત તેરી હો ! તુમ દરસન બિનુ ચિહુંગતે,
સહી પીડ ઘનેરી હો-નેમિ૦॥૧॥

કરમ-અરિ મિલી એકઠે, રાખ્યો હું ઘેરી હો ।
બહુવિધ નાચ નચાવીયો, મન[2]દુવિધા ઘેરી હો-નેમિ૦॥૨॥

અનંત પરાવર્તન કીયે, ભમતે ભવ ફેરી હો
**ગુણવિલાસ** જિન સામીજી, અબ ખબર લો ! મેરી હો-નેમિ૦॥૩॥

૧. ચિંતા ૨. ગૂંચ

## કર્તા : શ્રી જગજીવનજી મ.

**સમુદ્રવિજય** સુત **નેમ** નિરાગી
રાણી **શિવાદેવી** નંદ આનંદકારી હો-યાદવ કૈસેં ચલે !
દિલ જાની અમભારી હો-યાદવ૦
કૃષ્ણ - નરિંદકી આયુધશાલા તિહા જિનજી કીઉં બલ ભારી હો ! -યાદવ૦॥૧॥

શંખ શબ્દ સુણી કંપ્યો મુકુંદા, કોઉ નારાયણ ભયો અહંકારી હો-યાદવ૦
રાજ-સભાજન તુઝ બલ દેખી, [1]હરી વિચાર્યો પરણાઉં એક નારી હો-યાદવ૦॥૨॥

પુત્રી ઉગ્રસેન ભૂપતિ કી, રૂપે રંભા રાજીમતી પ્યારી હો-યાદવ૦
વ્યાહે આએ સબ યાદવ જાુગતેં, મૃગી દેખ કેં [2]બરદપે પુકારી હો-યાદવ૦॥૩॥

અવધિ કરી સબ મનોગતિ જાની, દીનાનાથ દયા મનિ નિરધારી-હો-યાદવ૦
ખેચર ભૂચર બંધ નિવારી, રથ ફેરી ગયો ગિરનારી-હો-યાદવ૦॥૪॥

એસેં ન કીજેં નાહ ! [૩]નિ-હેજા, અષ્ટ-જનમકી પ્રીતિ વીસારી હો-યાદવ૦
દીન-દયાલા નામ [૪]તુસાડા, નાથ ! અનાથકી દયા ન વિચારી હો-યાદવ૦॥૫॥

છોરી ચલે જિનમે નહી બોલું, તુમ ચરન સરનકી ભઇચેરી હો-યાદવ૦
સંયમ લીનો જિન સમીપેં, પ્રભુ-પ્રીતિકી જાનું બલિહારી હો-યાદવ૦॥૬॥

કઠિણ કરમ ચૂરી શિવપદ પાએ, ભવિલોક જીવ જિનહિતકારી-હો-યાદવ૦
શિવ-સુખ-સાગર **નેમિ**-જિણંદા, ગણી **જગજીવન** જયકારી હો-યાદવ૦॥૭॥

૧. શ્રીકૃષ્ણ ૨. અંતરથી ૩. સ્નેહ રહિતપણું ૪. તમારૂં

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

(રાગ-રામગિરિ)

નેમિ - જિન જાદવ - કુળ તાર્યો
એકહી એક અનેક ઉધારે, કૃપા-ધરમ મન ધાર્યો-નેમિ૦॥૧॥

વિષય-વિષોપમ દુઃખ કે કારણ, જાણી સબી સુખ છાયો ।
સંજમ લીનો પશુહિત-કારન, મદન-સુભટ-મદ ગાર્યો-નેમિ૦॥૨॥

આપ તરી **રાજૂલકું** તારી, પૂરવ પ્રેમ સમાર્યો ।
કહે **જિનહર્ષ** હમારી કિરપા, કયા મનમાંહી વિચાર્યો ?-નેમિ૦॥૩॥

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

તુજ દરીશન દીઠું અમૃત મીઠું લાગે રે-યાદવજી !
ખિણખિણ મુજ તુજશું ધર્મ-સનેહો જાગે રે-યાદવજી !
તું દાતા ત્રાતા ભ્રાતા માતા તાત રે-યાદવજી ।
તુજ ગુણના મોટા જગમાં છે અવદાત રે -યાદવજી ॥૧॥

[૧]કાચે રતિ માંડી સુરમણિ છાંડે કુણ રે ?-યાદવજી !,
મીઠી સાકર મૂકી ખાયે કુણ વળી લુણ રે ? યાદવજી ! ।
મુજ મન ન સુહાયે તુજ વિણ બીજો દેવ રે-યાદવજી !,
હું અહનિશી ચાહું તુજ, પય-પંકજ-સેવ રે-યાદવજી ॥૨॥

[૨]સુર નંદન હે બાગ જ જિમ રહેવા સંગ રે-યાદવજી !,
જિમ પંકજ ભૃંગા શંકર ગંગા રંગ રે-યાદવજી !,
જિમ ચંદ ચકોરા મેહા મોરા પ્રીતિ રે-યાદવજી !,
તુજમાં હું ચાહું તુજ ગુણને, જોગે તે છતી રે-યાદવજી ॥૩॥

મેં તુમને ધાર્યા વિસાર્યા નવિ જાય રે-યાદવજી !,
દિન રાતે [૩]ભાતે ધ્યાઉં તો સુખ થાય રે-યાદવજી !,
દિલ કરૂણા આણો જો તુમ જાણો રાગ રે-યાદવજી !,
દાખો એક [૪]વેરા [૫]ભવજલ કેરો [૬]તાગ રે-યાદવજી ॥૪॥

દુઃખ ટલીયો મિલીયો આપ મુજ જગનાથ રે-યાદવજી !,
સમતા રસ ભરીયો ગુણગણ-દરીયો શિવ સાથ રે-યાદવજી !,
તુજ મુખડું દીઠે દુઃખ નીઠે સુખ હોઈ રે-યાદવજી !,
વાચક જશ બોલે તુજ તોલે ન કોઈ રે-યાદવજી !
વૈરાગી રે, સોભાગી રે-યાદવજી ! ।।૫।।

---

૧. કાચની સાથે પ્રેમ કરી સુરમણિ=ચિંતામણિને કોણ છોડે ? (બીજી ગાથાની ૧લી લીટીનો અર્થ) ૨. જેમ દેવો નંદન બગીચામાં રહેવા તત્પર હોય (ત્રીજી ગાથાની ૧લી લીટીનો અર્થ) ૩. વિવિધ રીતે ૪. એકવાર ૫. સંસારરૂપ સમુદ્રનો ૬. પાર

## કર્તા : શ્રી નયવિજયજી મ.

કામ સુભટ ગયો હારી-થાંશું કામ૦ । [૧]રતિપતિ આણ વસે સૌ સુર-નર,
[૨]હરિ-[૩]હર-બ્રહ્મ [૫]મુરારિ રે-થાંશું૦ ।।૧।।

[૬]ગોપીનાથ [૭]વિગોપિત કીનો, હર અર્ધાગિત નારી ।
તેહ અનંગ કીયો ચકચૂરણ, એ અતિશય તુજ ભારી રે-થાંશું૦।।૨।।

એ સાચું જિમ નીર-પ્રભાવે, અગ્નિ હોત સવિ છારી ।
તે વડવાનલ પ્રબલ જબ પ્રગટે, તબ પીવત સવિ વારિ રે-થાંશું૦।।૩।।

તેણી પરે [૮]દહવટ અતિ કીની, વિષય રતિ-અરતિ નારી ।
**નયવિજય** પ્રભુ તુહીં નિરાગી, તુંહી મોટા બ્રહ્મચારી રે-થાંશું૦।।૪।।

---

૧. કામદેવ ૨. વિષ્ણુ ૩. મહાદેવ ૪. બ્રહ્મા ૫. કૃષ્ણ ૭. વિડંબિત ૮. વિશિષ્ટ પધ્ધતિ

## કર્તા : શ્રી વીરવિજયજી મ.

રહો રહો રે યાદવ ! દો ઘડીયાં-રહો૦ । દો ઘડીયાં દો-ચાર ઘડીયાં-રહો૦ ।
શિવા-માત મલ્હાર નગીનો, ક્યું ચલીએ હમ વિછડીયાં ।
યાદવ-વંશ-વિભૂષણ સ્વામી ! તુમે આધાર છો ! અડવડીયાં-રહો૦॥૧॥

તો બિન ઓરસેં નેહ ન કીનો, ઓર કરનકી આંખડીયાં ।
ઈતને બિચ હમ છોડ ન જઇએ, હોત બુરાઈ લાજડીયાં-રહો૦॥૨॥

પ્રીતમ ! પ્યારે ! કહ કર જાના, જે હોત હમ શિર બાંકડીયાં ।
હાથસેં હાથ મિલા દે ! સાંઈ ! ફુલ બિછાઉં સેજડીયાં-રહો૦॥૩॥

પ્રેમકે પ્યાલે બહુત મસાલે, પીવત મધુર સેલડીયા ।
**સમુદ્રવિજય**-કુલ-તિલક નેમકું, **રાજુલ** ઝરતી આંખડીયાં-રહો૦॥૪॥

**રાજુલ** છોર ચલે **ગિરનારે**, **નેમ** યુગલ કેવલ વરીયાં ।
**રાજીમતી** પણ દીક્ષા લીની, ભાવના-રંગ રસે ચડીયાં-રહો૦॥૫॥

કેવલ લહી કરી મુગતી સિધારે, દંપતિ મોહન વેલડીયાં ।
**શ્રી શુભવીર** અચલ ભઈ જોડી, મોહરાય સિર લાકડીયાં-રહો૦॥૬॥

# શ્રી નેમિનાથ ભગવાનની થોય

## શ્રી વીરવિજયજી કૃત થોય

દુરિતભયનિવારં, મોહવિધ્વંસકારં;
ગુણવંતમવિકારં પ્રાપ્તસિદ્ધમુદારં;
જિનવર જયકાંરં, કર્મસંકલેશહારં;
ભવજલનિધિતારં, નૌમિ નેમિકુમારં ॥૧॥

અડ જિનવર માતા, સિદ્ધિ સૌધે પ્રયાતા;
અડ જિનવર માતા, સ્વર્ગ ત્રીજે વિખ્યાતા;
અડ જિનવર માતા, પ્રાપ્ત માહેંદ્ર સાતા;
ભવભય જિન ત્રાતા, સંતને સિદ્ધિ દાતા ॥૨॥

ઋષભ જનક જાવે, નાગ[૧] સ્વભાવ પાવે;
ઈશાન સગ કહાવે, શેષ કાંતા સ્વભાવે;
પદ્માસન સુહાવે, નેમ આદ્યંત પાવે;
શેષ કાઉસ્સગ્ગ ભાવે, સિદ્ધિ સૂત્રે પઠાવે ॥૩॥

વાહન પુરૂષ જાણી, કૃષ્ણ વર્ણે પ્રમાણી;
ગોમેધ ને ષટ પાણી, સિંહ બેઠી વરાણી;
તનુ કનક સમાણી, અંબિકા ચાર પાણી;
નેમ ભક્તિ ભરાણી, **વીરવિજયે** વખાણી ॥૪॥

૧. નાગકુમારમાં

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી;
તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી;
પશુઆં ઉગારી, હુઆ ચારિત્ર ધારી;
કેવલ શ્રી સારી પામિયા ઘાતિ વારી ॥૧॥


ત્રણ જ્ઞાન સંજુત્તા, માતની કુખે હુંતા;
જનમે પુરહુંતા[1], આવી સેવા કરંતા;
અનુક્રમે વ્રત કરંતા, પંચ સુમતિ ધરંતા;
મહિયલ વિચરંતા, કેવલશ્રી વરંતા ॥૨॥

સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે;
ત્રિગડું સોહાવે, દેવછંદો બનાવે;
સિંહાસન ઠાવે, સ્વામીના ગુણ ગાવે;
તિહાં જિનવર આવે, તત્ત્વ વાણી સુણાવે
શાસનસુરી સારી, અંબિકા નામી ધારી; ॥૩॥

જે સમકિતી નરનારી, પાપ સંતાપ વારી;
પ્રભુ સેવાકારી, જાપ જપિયે સવારી;
સંઘ દુરિત નિવારી, **પદ્મ**ને જેહ પ્યારી ॥૪॥

---

૧. ઇંદ્રો



# અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

**ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય**
**શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**

## શ્રી નેમીનાથ ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : સમુદ્રવિજય | માતાનું નામ | : શીવાદેવી |
| જન્મ સ્થળ | : સૌરીપુરી | જન્મ નક્ષત્ર | : ચિત્રા |
| જન્મ રાશી | : કન્યા | આયુનું પ્રમાણ | : ૧૦૦૦ વર્ષ |
| શરીરનું માપ | : ૧૦ ધનુષ | શરીરનું વર્ણ | : શ્યામ |
| પાણિ ગ્રહણ | : અવિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૧૦૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : ૫૪ દિવસ | દીક્ષા વૃક્ષ | : વેડત વૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૧૧ | જ્ઞાન નગરી | : ગિરનાર |
| સાધુઓની સંખ્યા | : ૧૮ | શરીરનું વર્ણ | : શ્યામ૪૦,૦૦૦ |
| શ્રાવકની સંખ્યા | : ૧,૬૯. | કેટલા સાથે દીક્ષા | : ૧૦૦૦ ;૩૬,૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : ગોમ | દીક્ષા વૃક્ષ | : વેડત વૃંબિકા |
| પ્રથમ ગણધરનું નામ | : વરદ૯ | જ્ઞાન નગરી | : ગિરનાપ્રક્ષદીના |
| મોક્ષ આસન | : પદ્માસન | ભવ સંખ્યા | : નવ ભવ |
| ચ્યવન કલ્યાણક | : કારતક વદિ ૧૨ | જન્મ કલ્યાણક | : શ્રાવણ સુદિ ૫ |
| દીક્ષા કલ્યાણક | : શ્રાવણ સુદિ ૬ | કેવલજ્ઞાન કલ્યાણક | : આસો વદિ અમાસ |
| મોક્ષ કલ્યાણક | : અષાઢ સુદિ ૮ | મોક્ષ સ્થાન | : ગિરનાર |

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩